# લોકશિક્ષણ માટે સમર્પિત જાગૃત આત્માઓનું કર્મ

ભગવાન આ અધ્યાયના ૧૬માં શ્લોકમાં પાર્થને કહે છે, કે ''જે પુરુષ આ લોકમાં આ રીતની પરંપરાથી પ્રચલિત સૃષ્ટિ ચક્રની અનુકૂળ આચરણ કરતો નથી, પોતાના કર્તવ્યોનું પાલન કરતો નથી અને તે ઇંદ્રિયો ધ્વારા ભોગોમાં રમણ કરતો રહે છે, તે પુરુષ પાપમય જીવન જ પસાર કરે છે તથા એક પ્રકારે વ્યર્થ જ જીવન જીવે છે.'' પરમાત્મા-પરબ્રહ્મ રૂપે શ્રીકૃષ્ણ અહીં અર્જુનને અને તેના માધ્યમથી આપણાં સૌને સમગ્ર માનવ જાતિને એક ચેતવણી આપી રહ્યા છે, કે અગર જો મનુષ્ય રચવામાં આવેલ કર્મચક્રના નિયમોની વિરુધ્ધ ચાલશે, તો એનું પરિણામ આત્મઘાતક અને વિનાશકારી હશે.પ્રકૃતિ માત્ર એક નિયમ, એક વિધિ, એક વ્યવસ્થાનું નામ છે. તે કોઈની પ્રાર્થનાથી પ્રસન્ન થવાની નથી, એ તો માત્ર નિયમન કરવાનું, કંટ્રોલ કરવાનું જાણે છે. તેને માટે સૌથી પહેલી શરત છે, કર્તવ્ય પરાયણતા-પ્રકૃતિની સાથે તાલમેળ, પરસ્પર સહકારાત્મક જીવન સાધના. આજે આપણે પ્રકૃતિની વિભિન્ન શક્તિઓનું રચનાત્મક નિયોજન કરી રહ્યા છીએ, ભલે તે બંધ બનાવીને, કે ભલેને વિભિન્ન સ્ત્રોતો દ્વારા તેનું દોહન કરી લોકોના જીવનને સુખી અને ઉન્નત બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા હોયીએ. પાછલા દોઢસો વર્ષનો ઈતિહાસ વિજ્ઞાનની પ્રગતિનો, પ્રકૃતિના સાધનોના દોહનનો તથા સુનિયોજનનો ઈતિહાસ છે. પરંતુ જે વ્યક્તિ ઈકોલોજીકિલ નિયમોની, પ્રકૃતિચક્રની વિરુધ્ધમાં ઉભી થવાની હિંમત કરશે, તેને એ મહાન કર્મચક્ર ધ્વારા નિર્દયતા પૂર્વક કચડી નાખવામાં આવશે. આ એક કઠોરતા સાથે આપવામાં આવી રહેલી ચેતવણી છે, જે ભગવાનના શ્રીમુખથી નિકળેલી છે. મનુષ્યનું જીવન માત્ર ભોગવાદી જીવન, ઉપભોગ પ્રધાન જીવન જીવવા માટે નથી. જ્યાં સુધી આપણાં કર્મોમાં યજ્ઞની ભાવનાનો સમાવેશ નહીં થાય અને જ્યાં સુધી આપણે કર્મના સાર્વભૌમિક સિધ્ધાંતોને મહત્વ નહીં આપીએ, ત્યાં સુધી આપણું અસ્તિત્વ ભયમાં રહેશે. મનુષ્ય સુખથી ધરતી પર રહે અને તેને સ્વર્ગ સમાન બનાવી શકે, તે માટે આ શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણનો આ શાશ્વત સંદેશ પ્રગટ્યો છે.

આજના આ વૈજ્ઞાનિક યુગમાં આપણાંને એ વાતનું આજે પણ આશ્ચર્ય થાય છે, કે સ્પષ્ટ સુનિયોજિત વ્યવસ્થા બનાવ્યા પછી પણ મનુષ્યને નિષ્ફળતાનું મોઢું જોવું પડે છે. અહંકાર પર કેન્દ્રિત ઈચ્છાઓ વચ્ચે શા માટે ટકરામણ જોવા મળે છે. ભવબંધનમાંથી છોડાવનાર એક વૈદ્ય રૂપે યોગેશ્વર કહે છે, કે મનુષ્યની નિષ્ફળતાનું કારણ તેનુંમાત્ર ઈન્દ્રિયોમાં જ રમણ કરવું જવાબદાર છે.

સોળમાં શ્લોકમાં 'ઈન્દ્રિયારામ' જે શબ્દ આવ્યો છે તેને અહીં ખુબ જ સુંદર રીતે રજુ કરવામાં આવ્યો છે. એક અધમ તુચ્છ કામાતુર વ્યક્તિ, એક એવી અસંયમી કે જેને માટે જીવડાં જેવું, પશુ જેવું જીવન જ સર્વસ્વ છે. માનવીના ગૌરવ અનુરૂપ જીવન જીવવાની વાત તો ખૂબ દૂર છે, પરંતુ તે સન્માન પૂર્વકનું શ્રેષ્ઠ જીવન પણ જીવી શકતો નથી. વાસુદેવનો એવો મત છે, કે વાસનાયુક્ત મનુષ્ય પાપમય જીવન જ પસાર કરે છે, આવું જીવન વ્યર્થ જીવન છે, જેને તે ગમે તે રીતે ઉપભોગ કરતાં કરતાં પસાર કરે છે. (**मोघं पार्थ स जीवति**) સૌને આ શ્લોકની ફરીથી યાદ અપાવવામાં આવી રહી છેઃ-

**एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।**
**आघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥ ३/१६ ॥**

પરમ પૂજ્ય ગુરુદેવે ૧૯૯૨ના પ્રજ્ઞા અભિયાનના ડિસેમ્બર માસના સંયુક્ત વિશેષાંકમાં 'નર પામર અને નર માનવની વિભાજન રેખા' શીર્ષક અંતર્ગત લખેલા એક લેખમાં આ શ્લોકમાં દર્શાવામાં આવેલ તથ્યોને સ્પષ્ટ રીતે આલેખ્યાં છે. ''નર પામરનો અર્થ થાય છે પશુ જેવી પ્રવૃત્તિઓમાં લાગી રહેલ તથા પેટ પ્રજનનના સીમાડામાં બંધાઈ રહેલ સ્વાર્થંધતા. નર માનવનો અર્થ છે, એક એવી વ્યક્તિ કે જેનામાં કૌટુંબિકતા તથા સામાજિકતા સાથે જોડાયેલા નિયમો પ્રત્યે વિશ્વાસ અને પાલન કરવાનું સાહસ છે.'' (પાના નંબર-૪), આ જ અંકમાં આગળ તેઓ લખે છે કે ''દેખાવમાં તો નર પામર, નરવાનર, નર માનવ, નરપિશાચ અને નરનારાયણ'' તમામના અંગ અવયવો એક જેવા હોય છે, પરંતુ જ્યારે તેમના સ્વભાવની તપાસ કરવામાં આવે છે, ત્યારે તેઓ વચ્ચેનું એક જ અંતર સમજમાં આવે છે.

ઉપરોક્ત બન્ને ઉદાહરણોમાં માનવના ગૌરવનો દાખલો આપતા એ જ વાત કહેવામાં આવી છે. જે ભગવાને સોળમાં શ્લોકના ઉત્તરાર્ધમાં

સમજાવી છે. તેઓ લખે છે, કે ''માનવીની ગરિમાનો વિસ્તાર ખૂબ જ મહત્વનો છે. તેને અપનાવનારાઓ સ્વયં વહાણની જેમ ઉછળતી નદીઓને ચીરતા બીજા કિનારે જઈ પહોંચે છે. એટલું જ નહીં, તેઓ અસંખ્યને પોતાની ઉપર લાદી નદી પાર કરવા માટે સમર્થ પણ બન્યા છે.'' મનુષ્યની ફરજ છે, કે એ ઈશ્વરના બનાવેલા નિયમો અનુરૂપ સંયમી, કર્તવ્ય પરાયણ જીવન જીવે ,તેના કર્મો યજ્ઞમય હોય, ન તો તેના કર્તવ્યથી કોઈને નુકશાન પહોંચે અને ન તો તે પોતાનું જ નુકશાન કરે. માનવ દેહ ધારણ કરી સ્વચ્છંદ કામવાસના સભર પાશવી જીવન જીવવું એ આપણાં ઘોર પતનનું સૂચક છે. માનવ સમુદાયની મહાનતા પર કલંક છે. શ્રીકૃષ્ણ કહે છે કે આવો મનુષ્ય વ્યર્થ જ જીવન જીવે છે. ધરતી પર ભાર રૂપ બનીને રહે છે.

અગામી શ્લોક એથી પણ વધારે મહત્વ દર્શાવવા કહેવામાં આવ્યો છેઃ-

**यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।**
**आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥ ३/१७ ॥**

અર્થાત્ જે મનુષ્ય આત્મામાં જ રમણ કરે છે અને આત્મામાં જ તૃપ્ત રહે છે તથા આત્મામાં જ સંતુષ્ટ રહે છે, તેને માટે કરવા લાયક કોઈપણ કર્તવ્ય બાકી નથી.

ભગવાન કૃષ્ણ અહીં એક અપવાદ રૂપ વાત રજૂ કરે છે અને તેઓ અર્જુનને બતાવે છે, કે કર્મના વિધાનમાં એક જ શરત પર છૂટ મળી શકે છે. આ એ છૂટ છે, કે જેમાં મનુષ્ય ખૂબજ ઉચ્ચ સ્થિતિમાં પહોંચીને પોતાના માટે કરવા લાયક કર્મ બાકી રાખતો નથી. પરંતુ તેઓ કહે છે, કે કર્મ તો સૌને કરવા જ પડે છે, કર્મથી કોઈ બચી શકતું નથી, ત્યાં એ પણ બતાવે છે, કે આ અપવાદવાળી સ્થિતિમાં એ વ્યક્તિ કે જે આત્મજ્ઞાની શ્રેણીની છે, તુરંત પતન આણનારા વિષયવાસનાભર્યા જીવનથી ઉપર ઉઠી ગઈ છે અને પોતાની અંદર બિરાજમાન ચૈતન્ય સ્વરૂપ સ્થિતપ્રજ્ઞ પરમાત્મા પ્રત્યે જાગૃત થઈ ગઈ છે, તેમાં જ વાસ કરે છે અને તેની અનુભૂતિઓમાં સતત રમણ કર્યા કરે છે, તેને માટે કોઈપણ કર્તવ્ય બાકી નથી. તે એ વ્યક્તિ છે, કે જેને જાગૃત આત્મા, દેવમાનવ, દેવપુરુષની ઉપમા આપી શકાય.

એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે આ કોઈ સરળતાથી

પ્રાપ્ત થતી સિધ્ધિ નથી. નૈષ્કર્મ્યની સિધ્ધિ અનાયાસ જ મળી જતી નથી.આત્મામાં આત્મ રૂપે જ સ્થિત જાગૃત-મહામાનવ કોઈ સાંસારિક કર્તવ્યથી બંધાતો નથી. આ વાત વાસુદેવ ભગવાન શ્રીકૃષ્ણે આ શ્લોકમાં પોતાના શિષ્ય અર્જુનને સારી રીતે સમજાવી છે. ભગવાન પોતાના શિષ્ય ધ્વારા આપણાં સૌને ક્રમબધ્ધ રીતે ઉચ્ચ સોપાન ચઢાવતા પોતાના અહંકારને મારી ઉપર ઉઠવાનું શિખડાવે છે. પહેલાં અહંની ભાવનાઓ એ દાવો કરાવતી હતી કે આ કર્મો અમારા છે. આપણે વાસનાઓથી વશ થઈ કર્મ કરતાં હતા, પરંતુ હવે સિધ્ધિ આપણાંને ઉચ્ચ સ્તરે ચૈતન્ય બ્રહ્મના સાક્ષાત્કારની સ્થિતિ સુધી લઈ આવી છે. હવે અહંકાર મરી ગયો, તો કર્મ પણ આપણાં રહ્યા નથી અને એ કુદરતના, યજ્ઞના અધિષ્ઠાતાના થઈ ગયા છે. આવી સ્થિતિમાં આપણે મુક્ત પુરુષ બની જઈએ છીએ. માત્ર અકર્મમાં જ નહીં, પરંતુ કર્મમાં પણ. પરંતુ તેને સ્પષ્ટ રૂપે સમજ્યા વગર આગળ વધવું એ ગીતાના તત્વજ્ઞાનનો ઉપદેશ આપનારાની સાથે અન્યાય કરવું જેવું છે. તેને માટે આપણે આગામી શ્લોક અને તેનો અર્થ પહેલાં વાંચી લઈએ તો સારું.

**नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन।**
**न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥३/१८ ॥**
**तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर।**
**असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः ॥ ३/१९ ॥**

અર્થાત્ ''એવા મહાપુરુષો માટે (આત્મામાં રમણ કરનારી, તૃપ્ત રહેનારી, સંતુષ્ટ વ્યક્તિઓ, કે જેનું વર્ણન સત્તરમાં શ્લોકમાં કરવામાં આવ્યું છે.) આ વિરાટ વિશ્વમાં ન તો કર્મ કરવા સાથે કોઈ પ્રયોજન રહે છે અર્થાત્ તેને કંઈ પણ પ્રાપ્ત કરવાનું હોતું નથી. ન તો તે અપેક્ષા રાખે છે તથા ન તો કર્મ કરવાથી પણ તેનું કોઈ નુકશાન થાય છે, તે ખોટમાં રહેતો નથી. ન આવો જાગૃત મહાપુરુષ પોતાના સ્વાર્થવશ કોઈ વસ્તુ માટે તેના પર આશ્રિત છે. (૩/૧૮) એટલા માટે હે અર્જુન! તારે પોતાના તમામ કર્મો કોઈપણ પ્રકારની આસક્તિ રાખ્યા વગર કરવા જોઈએ, કારણ કે આસક્તિ રહિત બનીને કર્મ કરનાર મનુષ્ય જ પરમપદને પરમાત્માને પ્રાપ્ત કરે છે.''

વળી પાછા આગળના શ્લોક તરફ જઈ આ બન્ને શ્લોકોના ગૂઢ

અર્થને સમજવાનો પ્રયત્ન કરીશું તો ઠીક રહેશે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, કે **''आत्मतृप्तश्च मानवः''** જે આત્મામાં જ તૃપ્તિનો અનુભવ કરી લે છે, તેની વિષય પ્રધાન ભૌતિક જગતમાં કોઈપણ પ્રકારની કામના બાકી રહેતી નથી. એ તો જાગી ઉઠ્યો છે, જાગૃત આત્મા છે, તેને હવે સ્વપ્નસ્થ પદાર્થોની કામનાઓ વ્યથિત કરતી નથી. એ જ રીતે ''**आत्मरतिरेव, आत्मतृप्तश्च, आत्मन्येवचसंतुष्टः**'' એવું કહી શકાય કે આવા મહાપુરુષો માટે કોઈપણ કાર્ય એવું નથી, કે જે તેને માટે કર્ત્તવ્યરૂપે બાકી હોય, આટલું જાહેર કર્યા પછી યોગાચાર્ય સદ્‌ગુરુ શ્રીકૃષ્ણ પોતાના શંકાશીલ ચિત્તવાળા શિષ્ય અર્જુનની ભ્રાંતિઓને, કે જે જન્મ લેનારી છે, તેને નિર્મૂળ કરતા તુરંત કહે છે, તેઓ કહેતાં જ નથી, પરંતુ અનાયાજ તેના પૂછવામાં ન આવેલા પ્રશ્નોનો ઉત્તર પણ આપી દે છે. એ (મહાપુરુષ) જાણે છે, કે કંઈક પ્રાપ્ત કરવાની કામનાઓ અથવા કર્મ ન કરવાથી થનારા નુકશાનથી બચવાની ઈચ્છાઓ જ આપણને કર્મો તરફ પ્રેરિત કરે છે. આત્મામાં જ સંતુષ્ટ રહેનારી વ્યક્તિને જે તૃપ્તિ પ્રાપ્ત થાય છે, તેના કારણે તેને કર્મ દ્વારા ન તો કંઈક પ્રાપ્ત કરવાનું બાકી રહે છે, ન તો કંઈક ખોવાનું (नैव तस्य कृतेनार्थनाकृतेनेह कश्चन्).

આપણે સૌ સમાજમાં જીવીએ છીએ. આપણાં બધા જ કર્મોની પાછળ કોઈને કોઈની સહાયકની ભૂમિકા રહેતી હોય છે. આવી સ્થિતિમાં આપણે જે આ ખોટા સંબંધોનો સાથ લઈને જીવી રહ્યા છીએ, અનેક વધારાના કર્તવ્યો સાથે જોડાઈ જઈએ છીએ. પરંતુ જાગૃત સ્તર પર પહોંચેલો આત્મા પોતાની અંદરની પૂર્ણતાથી તૃપ્ત બની કોઈપણ વ્યક્તિ પર, કોઈપણ પદાર્થ માટે સ્વાર્થ રૂપે આશ્રિત હોતો નથી. આવા જ્ઞાની ખૂબ દુર્લભ હોય છે, પરંતુ આ સિધ્ધિ એટલી તો વિલક્ષણ છે, કે ત્યારપછી તેના દરેક કર્મ ભગવત્ કર્મ બની જાય છે.

સંભવ છે, કે અર્જુન આ ઉચ્ચ કોટિના દર્શનને સમજી ન શક્યો હોય, એટલા માટે ભગવાન કહે છે, કે કર્મ તો સૌએ કરવું જોઈએ, પરંતુ કોઈ આસક્તિના ભાવ વગર. અહંકાર ભરી સ્થિતિમાં બેઠેલા આપણાં સૌને અર્જુન દ્વારા ફળની કામના વગર તથા કોઈ પણ પ્રકારની આસક્તિ વગર પોતાની માટે કરવા લાયક કર્મોને કરવાની રીત બતાવી રહ્યા છે, (**तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर**).

આ કર્મો છે શું? દરરોજ જીવનચર્યાની સાથે કરવામાં આવનારા કર્મો તથા યુગધર્મના પોકાર પર વિશેષ જવાબદારીઓ આવવાથી વિશેષ પ્રસંગે કરવામાં આવનારા કર્મો. આસક્તિ રહિત હોવાનો અર્થ છે, પોતાનો અહંકાર અને અહં કેન્દ્રિત કામનાઓ, આ બન્નેને સંપૂર્ણ સમાપ્ત કરી દેવી. આ પ્રકારની જીવન જીવવાની શૈલી શીખતા જ મનુષ્યના મનમાં વ્યાપેલી વાસનાઓ સમાપ્ત થઈ જાય છે અને હૃદય શાંતિ તથા આનંદથી ભરાઈ જાય છે. આ શાંત મનમાં જ એ પરમાત્માના દર્શન કરી શકીએ છીએ. શું આસક્તિ રહિત બનીને માત્ર લોકકલ્યાણના ભાવથી કર્મ કરી શકવું સંભવ છે? પરમ પૂજ્ય ગુરુદેવની કલમ એનો જવાબ આપે છે. તેઓ લખે છે, કે ''સાધુ-બ્રાહ્મણોના દેવસમુદાયને પૂછવું પડશે કે તેઓએ પોતાને શા માટે વ્યક્તિગત સગવડતામાં કાપ કરી શ્રેષ્ઠ પ્રવૃત્તિઓના વિકાસની સેવા-સાધનામાં સમર્પિત કરી દેતા નથી? ઋષિઓ પણ વિલાસી મનુષ્યોની જેમ સાધન સગવડતા એકઠી કરી શકતા હતા, તો પછી એમણે શા માટે ગરીબો જેવો પહેરવેશ ધારણ કર્યો? એ નિરાકરણ સાથે એનો ઉત્તર પણ જોડાયેલો છે, જેમાં જાતે ખાવાની તુલનામાં ખવડાવવાનો સ્વાદ ખૂબ જ સ્વાદિષ્ટ જણાય છે.'' નાચતા શબ્દોની જેમ લખેલું ઉપરોક્ત કથન ભારતીય સંસ્કૃતિના સાચા આત્માનું પ્રતિનિધિત્વ કરે છે.

આપણા કર્મો સ્વાર્થ માટે ન હોવા જોઈએ, પરંતુ આપણાં કર્મો પરમાર્થ માટે સમર્પિત હોવા જોઈએ. આસક્તિ રહિત બન્નેને કર્મ કરવાથી મનુષ્ય પરમ પદ પ્રાપ્ત કરે છે. (असक्तः ह्याचरन्कर्म परमाप्नोति पूरूषः) યોગેશ્વર કૃષ્ણ આ કથનને આગલા શ્લોકમાં ખુલ્લું કરી ઉદાહરણ સાથે સિધ્ધ પણ કરે છે.

**कर्मणैव हि संसिद्धिमास्थिता जनकदायः।**
**लोकसंडग्रहमेवापि सम्पश्यन्कर्तुमर्हसि॥ ३/२०॥**

અર્થાત્ ''જનક વગેરે જ્ઞાની જને પણ આસક્તિ રહિત કર્મ ધ્વારા જ પરમ સિધ્ધિ પ્રાપ્ત કરી હતી. અર્થાત્ લોકસંગ્રહ(લોક શિક્ષણ-માર્ગદર્શન)ને જોઈને પણ તારે કર્મ કરવું જોઈએ.''

જનક રાજા હોવા છતાં વિદેહી કહેવાતા હતા. તેમને કોઈ લૌકિક પદાર્થ (સુખો)માં કોઈ આસક્તિ ન હતી. આવા જ જ્ઞાની જન હંમેશા પરમ સિધ્ધિ પ્રાપ્ત કરે છે. આવા જ મનુષ્યો પોતાના આચરણ દ્વારા લોક

શિક્ષણ આપી શકે છે. જનજનને માર્ગદર્શન આપી શકે છે. નિષ્કામ કર્મ ભગવાન માટે કરવામાં આવેલ કર્મ છે. એ કેવી રીતે કરવામાં આવે છે, તેને માટે ભગવાનને જનકથી પણ શ્રેષ્ઠ બીજું ઉદાહરણ ક્યાંથી મળી શકે. એ જ તેમણે આપ્યું. જનક ઉત્કૃષ્ઠ કોટિના સાધક પણ હતાં, જિજ્ઞાસુ પણ હતાં અને મિથિલા નગરીના રાજા પણ હતા. પોતાના નિર્વાહ માટે ખેતી કરી અનાજ ઉગાડતા, રાજ્યનો એક પૈસો પણ લેતા ન હતાં. તેમના બે ગુરુઓ હતા. એક હતા અષ્ટાવક્ર અને બીજા હતા યાજ્ઞવલ્ક્ય. અષ્ટાવક્ર જ્ઞાની હતા અને યાજ્ઞવલ્ક્ય યોગી હતા. ગીતામાં અષ્ટાવક્ર તથા જનક વચ્ચે થયેલા સંવાદની ચર્ચા આવે છે. એક વખત મિથિલા નગરીમાં સત્સંગનું આયોજન રાખવામાં આવ્યું. મહર્ષિ વ્યાસ તેના અધ્યક્ષ હતા. તેમાં ભાગ લેવા તમામ જ્ઞાની પુરુષો, તપસ્વીઓ આવ્યા હતા. એક પછી એક પ્રવચન કરી રહ્યા હતા. જેમાં દેહ, માયા, વેદાંત, પરબ્રહ્મ તમામ વિષયો પર તર્ક સંમત ઉદાહરણો સાથે ચર્ચા ચાલી રહી હતી. એ દરમ્યાન મહર્ષિ વ્યાસે ઉભા થઈને કહ્યું કે જનક વગર આ સભા ફીકી છે. એમના આવ્યા પછી જ બીજી બેઠક કરીશું. તમામ જ્ઞાની ઋષિમુનિઓને લાગ્યું કે એક સામાન્ય ગૃહસ્થી રાજા માટે ઋષિઓ શા માટે થોભી જાય છે. તેઓ વ્યાસજી સામે ઉશ્કેરાઈ ગયા અને કહેવા લાગ્યા, કે આપ અમારા તથા રાજા વચ્ચે અંતર સમજતા નથી. ત્યારે મહર્ષિ ધૈર્ય આપતા બોલ્યા, ઋષિગણો! જનકને પહેલાં આવવા દો. તેમના આચરણથી જ આપને જાણ થઈ જશે કે મેં તેમને શા માટે વિશેષ વ્યક્તિ માન્યા છે.

જનક આવ્યા. તેઓ મોડેથી આવ્યા હોવાથી સૌની ક્ષમા માંગી અને જેવા જ આવીને બેઠા કે મહર્ષિ વ્યાસે પોતાના યોગ બળથી ચારેબાજુ આગ પ્રગટાવી. ઋષિઓ આગ સળગતી જોઈ દોડ્યા. કારણ કે તેમના કૌપીન (વસ્ત્રો) સુકાઈ રહ્યા હતા.તેને બચાવવા જરૂરી હોઈ તેઓ ભાગ્યા. ત્યારે વ્યાસ ઋષિ બોલ્યા-અરે ભાઈ! આપ સૌ શા માટે દોડાદોડી કરી રહ્યા છો? હમણાં આપ આત્મજ્ઞાનની વાતો કરતા હતાં કે આ શરીર તો નાશવંત છે, તે એક દિવસે નષ્ટ થવાનું છે, પરંતુ આત્મા ક્યારે મરતો નથી. તો પછી આ લૌકિક પદાર્થો તથા પોતાના શરીરનો બચાવ કરવા શા માટે દોડા દોડી કરી રહ્યાં છો? ઋષિઓએ જ્યારે રાજા જનક તરફ

જોયું તો તેઓ પોતાની જગ્યા પર જ બેસી રહ્યા હતાં. તેઓએ દોડાદોડી કરી જ નહીં, સ્થિર રહ્યાં, પોતાની જગ્યાએથી જરાપણ દૂર હટ્યા ન હતાં. ત્યારે મહર્ષિ વ્યાસે સૌ ઋષિઓને કહ્યું કે આપ એક ક્ષણવાર થંભી જઈ રાજા જનકની વાત સાંભળી લો. આપને તેનું નિરાકરણ મળી જશે. ત્યારે જનકે કહ્યું કે- **''मिथिलायां प्रदीप्तियां न मे दह्यति किंचन।''** મિથિલા નગરી સળગી રહી છે, હું સળગી રહ્યો નથી. આખી મિથિલા નગરીમાં આગ લાગી જાય તો પણ મારામાં કોઈ ફરક પડતો નથી. હું રાજ્યના કામકાજની વ્યવસ્થા ગોઠવીને આવ્યો છું. કોઈને કોઈ કામ કરતું જ રહેશે. ભગવાને જે આગ લગાવી છે, એ તો માત્ર શરીરને જ પીડા આપશે. ભગવાન જોશે કે મારે શું કરવાનું છે. યોગના બળે લાગેલી આગ ઓલવાઈ ગઈ. ત્યારે તમામ ઋષિઓએ જાણી લીધું કે રાજા જનકને વિદેહી શા માટે કહેવામાં આવે છે. વિશેષ શા માટે કહેવામાં આવે છે. ભગવાને પોતાના શિષ્ય અર્જુન સામે એક જ સર્વશ્રેષ્ઠ ઉદાહરણ રજૂ કર્યુ છે.

આપણે સૌ આપણાં કાર્યોને આસક્તિ રહિત થઈને તેને પ્રભુની પૂજા માની કરતાં રહીએ, કે જેવી રીતે રાજા જનક કરતા હતાં, આ ઈશ્વરનો આદેશ છે. તેમણે **જનકાદયઃ**માં જનક જ જેવા બીજા અનેક તરફ સંકેત કર્યો છે. જેમ કે પ્રહલાદ, અંબરીશ, ઈક્ષ્વાકુ, અશ્વપતિ વગેરે. અહીં જનકને એક મૉડલ માની તેમનું માત્ર નામ જ લેવામાં આવ્યું છે. આ મહર્ષિ વેદવ્યાસના કાવ્યની પરાકાષ્ઠાનું પ્રતીક છે, કે તેઓ કેવી રીતે જનજન સુધી શ્રેષ્ઠ જનોના ઉદાહરણ દ્વારા બોધ પહોંચાડવા માંગી રહ્યા છે. અર્જુન યુધ્ધ કરે કે ન કરે ભગવાન તેને કહી રહ્યા છે, કે તેણે લોકસંગ્રહ માટે, લોકશિક્ષણ માટે પોતાના માટે નક્કી કરાયેલ કાર્યો જ કરવા જોઈએ. આવા લોકનાયકો દ્વારા જ સમાજનો પછાત વર્ગ માર્ગદર્શન મેળવે છે. સમાજનો શિક્ષિત પ્રબુધ્ધ પ્રતિભાશાળી વર્ગ અગર કર્તવ્યના પથ પરથી દૂર હટી જશે, તો સમાજનું શું થશે. ''लोक संग्रहमेवापि संपश्यन'' લોકશિક્ષણ માટે, સમાજની યુગાનુકૂળ સમસ્યાઓને હલ કરવા માટે, જીવન જીવવાની કલાનું શિક્ષણ આપવા માટે સમજશક્તિ ધરાવતા વ્યક્તિત્વવાળા મહામાનવોની જરૂરિયાત છે. ધરતી પર જીવન જીવવા માટે જે કોઈ પણ આવ્યા છે, તેણે કર્મ કરવું જ પડશે, કર્મોની સુગંધ ફેલાવવી જ પડશે અને શિક્ષણ માટે જીવવું જ

પડશે. આવી વ્યક્તિઓના વ્યક્તિગત કર્મો પણ સમાજ પર એક અમિટ પ્રભાવ છોડે છે. એટલા માટે તેઓ અર્જુનના માધ્યમ વડે તમામ જાગૃત આત્માઓને એક બોધ આપી રહ્યા છે, કે તેઓ લોકકલ્યાણ માટે નિરંતર તપતા રહે, કર્મ કરતા રહે, અર્જુન અહીં દુવિધા પણ અનુભવી રહ્યો છે, કે મારા વ્યક્તિગત કર્મોનો બીજા લોકો પર શો પ્રભાવ પડશે. હું શું કરું છું, તેની સાથે લોકોને શું મતલબ છે અને લોકો શું કરી રહ્યા છે, તેની સાથે મારે શું મતલબ? અહીં પર ભગવાન તેની વચ્ચે ભેદ પાડવા ઈચ્છે છે, અર્જુન જેવી વિભૂતિમાં તથા બીજા અનેક પેટ પ્રજનન માટે જીવન જીવવાવાળાઓ વચ્ચે ભેદ રાખવા ઈચ્છે છે. તેઓ બતાવવા માંગી રહ્યા છે, કે તેની ભૂમિકા વિશેષ છે. શ્રેષ્ઠ લોકોનું જાગૃત આત્માઓ જેવું આચરણ હોય છે, એવું જ અનુસરણ કરતો સમાજ ઢળતો જાય છે.

પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતાં કે શ્રેષ્ઠ આત્માઓ, સદ્‌ગુરુ, અવતારો વાસ્તવમાં તો આ ધરતી પર લોકશિક્ષણ માટે ડેમોટ્રેશન આપવા માટે જ આવે છે. યુગાનુકૂળ સમસ્યાઓ વચ્ચે રહી સ્વયં જીવન જીવી સૌના માટે તેનું નિરાકરણ રજૂ કરે છે. પરમ પૂજ્ય ગુરુદેવે ૧૯૮૧ના ઓક્ટોમ્બર નવેમ્બર માસના પ્રજ્ઞા અભિયાનના સંયુક્ત અંકમાં પોતાની કલમ વડે એ વાત આ પ્રમાણે લખી છે-**‘‘આજના દિવસોમાં સૌથી મોટી મુશ્કેલી એક જ છે, કે જીવનના આંતરિક તથા બાહ્ય વિસ્તારમાં આદર્શોથી ઓતપ્રોત વ્યક્તિત્વોના ઉદાહરણ ભર્યા માર્ગદર્શનની અછત. આજે ઉપદેશ આપનારાઓની બોલબોલા છે. અખબારોમાં નામ છપાવવું, લોકસેવક રૂપે ખ્યાતિ મળ્યા પછી વ્યાપાર વિકસાવા જેવા કેટલાયે પ્રત્યક્ષ લાભ દેખાવા લાગે છે, જેનો લોભ રોકવા છતાં રોકાતો નથી. ત્યારે આવા વિષમ સમયમાં જાગૃત લોકોને આગળ આવવાની સૌથી મોટી, સૌથી મુખ્ય જરૂરિયાત છે. તેની ભરપાઈ કરવા માટે પ્રાણવાન પ્રજ્ઞા પરિજનોએ જ પોતાનું ઉદાહરણ રજૂ કરવું જોઈએ. તેઓ જો જાગશે, તો બીજાઓ પણ જાગશે.’’** (પાના નંબર-૨૪) આ ઉદાહરણથી લોકશિક્ષણ આપનારી પરમ શક્તિનો ઉપદેશને સમજી શકાય તેમ છે.

# કર્મ કર્યા વગર કોઈ કેવી રીતે રહી શકે

યોગીરાજ અરવિંદ કહે છે, કે ગીતામાં તેના ત્રીજા અધ્યાયના વીસમા શ્લોકથી લઈ છવીસમાં શ્લોક સુધીના સાત શ્લોકથી વધારે અગત્યના શ્લોકો બહુ ઓછા છે. તેઓ 'લોકસંગ્રહ' શબ્દને સમજાવતા કહે છે, કે તેને સમાજસેવા, સમાજ સુધાર વગેરે શબ્દો સાથે જોડી જોવો ન જોઈએ. આ ઈશ્વરના વિધાનની અંતર્ગત ઈશ્વરત્વ જીવંત શિક્ષણ આપવાની પ્રક્રિયા છે. ગીતા આધુનિક મનની ભૂમિકાઓથી પણ ક્યાંય વધારે ઉંચાઈ પર આવેલી ભાવનાઓ અને અનુભવોની દુનિયામાં વિચરણ કરે છે. તેનો અર્થ સામાન્ય નહીં, પરંતુ અસામાન્ય જ લેવો જોઈએ. આગળના શ્લોકમાં લોકસંગ્રહની વાત ફરી સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી છે. એકવીસમો શ્લોક આ પ્રમાણે છે.

**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।**
**स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥ ३/२१॥**

અર્જુન, કે જે દુવિધામાં છે, તે કહે છે, કે મારા વ્યક્તિગત કર્મોનો સમાજ સાથે શું સંબંધ છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, કે એક શ્રેષ્ઠ પુરુષનું જેવું આચરણ હોય છે. એવું આચરણ અન્ય પુરુષો કરે છે, લોકો તેનું જ અનુસરણ કરે છે.શ્રીકૃષ્ણના ઉપરોક્ત કથન બાદ અર્જુન તુરંત પોતાની દુવિધાનું નિરાકરણ મેળવે છે, એટલા માટે એ વિશેષની શ્રેણીમાં આવે છે. શ્રેષ્ઠ પુરુષોનું આચરણ સમગ્ર સમાજના ઉત્થાનનું કે પતનનું કારણ બની શકે છે. તેમનું કોઈ કર્મ વ્યક્તિગત હોતું નથી, પરંતુ બધા જ કર્મો લોકશિક્ષણ માટે હોય છે. કારણ કે મોટા ભાગના લોકો પોતાની જીવન ચર્યા માટે પણ બીજા તરફ દૃષ્ટિ નાખે છે, પ્રતિભાશાળીઓએ ખૂબ જ સાવધાની સાથે પોતાનું જીવન જીવવું જોઈએ. હીરો અથવા આઈકૉન બનવું તો સરળ છે, પરંતુ જ્યારે મનુષ્યના જીવનના કેટલાક નીંદાત્મક પાસા સામે આવે છે, ત્યારે સમગ્ર સમાજ, કે જે પહેલાં આંખ માથા પર બેસાડતો હતો, એ થું-થું કરતો દેખાય છે.

આજના યુગમાં સૌથી મોટી સમસ્યા અગર કોઈ છે, તો તે છે મનીષીઓ, પ્રકાશ સ્તંભોના દુષ્કાળની સમસ્યા છે. નેતાઓ તો ખુબ છે, પરંતુ તેમાંથી સમાજનું ઘડતર કરનાર દેખાતો નથી. આજના સમાજનું

નૈતિક અધઃપતન થયું છે પણ એટલા માટે કે જનતા ચારે બાજુ ભ્રષ્ટ આચરણ જ જોઈ રહી છે. તેને ક્યાંય કોઈ માર્ગદર્શક તંત્ર દેખાતું નથી. યુગનિર્માણ અભિયાન, ગાયત્રી પરિવારનો બધોજ પરિશ્રમ, વિભૂતિ મહાયજ્ઞની સમગ્ર પ્રક્રિયા એ જ માર્ગદર્શક તંત્રને જાગૃત જીવંત કરવા માટે છે, જે ક્યારેક સમાજનો પુરોહિત વર્ગ હતો અને અગ્રગમન કરતો હતો, પોતાના આચરણથી (**स्वं-स्वं चरित्र शिक्षेरन्**) શિક્ષણ આપતો હતો. શ્રીમદ્ ભાગવત ગીતાનો આ શ્લોક કેટલો યુગાનુકુળ છે. તેને આજની પરિસ્થિતિઓના દૃષ્ટિકોણથી સારી રીતે સમજી શકાય તેમ છે. મનુષ્ય જાતિ નૈતિક અધઃપતન ધ્વારા નષ્ટ-ભ્રષ્ટ ન થાય, એટલા માટે શ્રીમદ્ ભાગવત ગીતા યુગો યુગોથી શિક્ષણ આપતી રહી છે, કે આવા મહામાનવોના ઉત્પાદનની પ્રક્રિયા બંધ ન થવી જોઈએ. દેશની સંગઠનાત્મક પ્રક્રિયા નૈતિક આધાર પર બળવાન બને અને શિસ્ત, ચારિત્રિક મહાનતા, બ્રાહ્મણોચિત્ત જીવન જેવા સદ્‌ગુણો સામાજિક સીઢીના ઉપરના પગથિયાંથી નીચેના પગથિયાં સુધી ઉતરતા દેખાય, ત્યારે જ ક્રાંતિ થઈ શકે છે. એ નીચેથી ઉપર તરફ શ્રેષ્ઠ વ્યક્તિનું અનુકરણના ચેપની જેમ વળાંક લેતી વધતી જાય છે. આજના યુગ માટે વિકાસનો આધાર પણ આ જ આદર્શ હોયી શકે.

ભગવાન અહીં ખૂબ જ સ્પષ્ટ કહી રહ્યા છે, કે સામાન્ય જનતા, કે જે નેતા લોકો જે કંઈ પણ કહે છે તેનું નહીં, પરંતુ તેઓ જે કંઈપણ કરે છે, તેનું જ અનુકરણ કરે છે. (**लोक स्तदनुवर्तते**) અગામી શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પોતાના અંગે પણ આ જ વાત કહે છે. તેઓ સ્વયંને પણ અપવાદ ન માનતા કહે છે, કે 'તેમને આ સંસારમાંથી પ્રાપ્ત કરવા યોગ્ય કોઈ પદાર્થ નથી ન તો તેમને માટે કોઈ પદાર્થ અપ્રાપ્ય છે, બધુ જ સુલભ છે, તો પણ તેઓ અથાક નિરંતર કામ કરતાં રહે છે. અગર તેઓ આળસ કરે, તો અન્ય લોકો પણ તેમનું અનુસરણ કરી પોતાના જીવનનો નાશ કરી બેસે છે.'

**न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन।**
**नानवाप्तमवाप्तव्यं वर्त एवं च कर्मणि॥ ३/२२॥**

''હે અર્જુન ! મને ત્રણે લોકમાં ન તો કોઈ કર્તવ્ય છે અને ન તો કોઈ પણ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ય છે, તો પણ હું કર્મ કરતો રહું

છું (રત રહુ છું, વિશ્વાસ કરું છું.).''

**यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः।**
**मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः॥ ३/२३॥**

''કારણ કે હે પાર્થ ! અગર કદાચ હું સાવધાન થઈને કર્મ ન કરું, તો મોટી હાનિ થઈ જાય, કારણ કે મનુષ્ય તમામ પ્રકારે મારા જ માર્ગનું અનુસરણ કરે છે.''

રાજકુમાર અર્જન માટે આ કેટલું સ્પષ્ટ માર્ગદર્શન છે. ભગવાન સ્પષ્ટ કહી રહ્યા છે, કે હું અવતાર છું, હું જે ઈચ્છું તે પ્રાપ્ત કરી શકું છું, છતાં પણ કર્મ કરું છું. ભગવાન જ્યારે કર્મથી મુક્ત રહી શકતા નથી, તો પછી મનુષ્ય કર્મથી કેવી રીતે દૂર ભાગી શકે? તેઓ કહે છે, કે અગર હું સાવધાની પૂર્વક દરેક પ્રકારે વિચારી-સમજી કર્મ ન કરું તો ઘણી મોટી હાનિ થઈ જાય. શું સમાજનું નૈતિક અધઃપતન થઈ જાય? અહીં એ સમજવું પડશે, કે અવતારને શરીર ધારણ કરી વ્યવહાર કરવો પડે છે, અવતાર બનીને નહીં. કબુતરનો ક બનાવવા માટે શિક્ષકને ક બનાવવો પડે છે અને આખો બનાવી દેખાડવો પડે છે. એવું કહેતો નથી કે કબુતરને તો તમે ઓળખો જ એટલે કે ક બનાવો. શિક્ષક વારંવાર ક બનાવે છે, એનો અર્થ એ નથી કે એને આવડતું નથી. તેને બાળકોને શિખડાવવાનું છે, એટલા માટે વારંવાર શિક્ષણ આપવું પડે છે. અવતાર સ્વયં મનુષ્યની કોટિમાં ઉતરી આવી કામ કરીને દેખાડે છે, કે જુઓ હું આવું કામ કરી રહ્યો છું, તમે પણ એવું કરો. આ જ લોકશિક્ષણ છે, કે પૂર્ણ જીવન જીવીને બતાવવું તથા જીવન કલાકારની જેમ જીવવું. પરમ પૂજ્ય ગુરુદેવે ગૃહસ્થી જીવન નિભાવતા રહી જીવન જીવી દેખાડ્યું. આપ વૈરાગ્ય ન લઈ શકો, હિમાલય ના જઈ શકો, કે સંન્યાસી ન બની શકો તો, કોઈ વાત નથી. ગૃહસ્થી જીવન નિભાવી લોકસેવા કેવી રીતે કરી શકાય, ગૃહસ્થી જીવનને તપોવન કેવી રીતે બનાવી શકાય, એના ઉદાહરણ રૂપે એવું જીવન સ્વયં હું જીવીને દેખાડું છું. ગુરુદેવે એ કહ્યું અને કરી દેખાડ્યું. તેમણે ઓછા પૈસામાં, ઓઢેલી ગરીબી વાળું જીવન કેવી રીતે જીવી શકાય, એ પણ જીવી દેખાડ્યું તથા તેની સાથે મર્યાદિત સાધનોમાં યુગનિર્માણ યોજના ઉભી કરી દેખાડી. કરોડો વ્યક્તિઓના મગજને બદલવું, કરોડો વ્યક્તિઓના ભાગ્યની દિશાને બદલી નાખવી અને તેના માટે સ્વયંને

તેનું ઉદાહરણ બની કરી દેખાડી દેવું, એ આપણાં ગુરુજીના બાવડાઓનું જ કામ હતું. તેઓ જાણતા હતા કે તેઓ કોણ છે, શા માટે આવ્યા છે.પરંતુ તેઓ મનુષ્ય યોનિ ધારણ કરી લોકશિક્ષણ આપી ગયા, કે લોકસેવકો આવું જીવન જીવે છે. આજે લાખો સદ્‌ગૃહસ્થો આધ્યાત્મિક પ્રગતિની દિશામાં અગ્રગમન કરી રહ્યા છે. તેઓ ન માત્ર પોતાના એકલાનો, પોતાની સાથે પોતાના કુટુંબનો, સંસ્થાનો અને સમગ્ર સમાજનો ઉત્કર્ષ કરી રહ્યા છે,આ કેટલી મોટી વાત છે.

ખરી રીતે તો અવતાર, ગુરુ, મહામાનવ ડેમોસ્ટ્રેશન માટે આવે છે. જીવન જીવવાની કળાનું શિક્ષણ આપવા આવે છે. તેઓ પોતાના આચરણથી દૈનિક જીવનની મુશ્કેલીઓનું કેવીરીતે નિરાકરણ શોધી શકાય તેનું શિક્ષણ આપવા આવે છે. એટલા માટે આપણાંને વારંવાર સ્વાધ્યાયના ક્રમમાં કહેવામાં આવે છે, કે દરેક પરિજન તેમના જીવન ક્રમનું વાંચન કરે, મનન કરે, સારી રીતે હૃદયંગમ કરે. મનુષ્ય માનવતા શીખે, તે માટે અવતારી પુરુષ એ બધુ કરી દેખાડે છે, કે જેનો કોઈપણ મનુષ્યે સામનો કરવો પડી શકે. ભગવાન આગલા જ શ્લોકમાં કહે છે, કે અગર હું કર્મ ન કરું તો, આ બધા જ મનુષ્યો નષ્ટભ્રષ્ટ બની જશે અને હું સંકીર્ણતા (વ્યક્તિમાં ભ્રમની ઉત્પત્તિ)ને જન્મ આપનારો બની જઈશ તથા જાતિના રૂપે તેમના નાશનું કારણ બનીશ. (૩/૨૪)

આગળના બન્ને શ્લોક ઘણાં મહત્ત્વના છે. ભગવાન શ્રીકૃષ્ણ ૨૫માં તથા ૨૬માં શ્લોક કહે છે, કે -

**सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत।**
**कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसङ्ग्रहम्॥ ३/२५ ॥**
**न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम्।**
**जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन्॥ ३/२६॥**

'જેવી રીતે અજ્ઞાની મનુષ્ય આસક્તિથી કર્મ કરે છે, એવી જ રીતે જ્ઞાનીજનોએ લોકશિક્ષણની દૃષ્ટિએ કોઈપણ પ્રકારની આસક્તિ રાખ્યા વગર કર્મ કરવું જોઈએ. જ્ઞાનીજનોએ એ કર્મમાં આસક્ત જ્ઞાનીઓમાં બુધ્ધિભ્રમ પેદા ન કરવો જોઈએ, સ્વયં સારી રીતે કર્મ કરતાં બીજાઓને પણ કર્મ કરવાની પ્રેરણા આપવી જોઈએ.'

ભગવાન કહી રહ્યા છે, કે સ્વયં સેવક શ્રેણીના મનુષ્યોએ

લોકશિક્ષણનાં કાર્યો પણ એટલી જ કુશળતા તથા જાગૃત એકાગ્રતા સાથે કરવા જોઈએ, કે જેટલાં આપણે સાંસારિક લાભ માટે જાગૃતિ દાખવતા અને એકાગ્રતા પૂર્વક પ્રયત્ન કરીએ છીએ. એક અજ્ઞાની વ્યક્તિ પોતાની વાસનાની તૃપ્તિમાં તથા પૈસા કમાવવામાં જેટલી લગનની સાથે લાગેલો છે, એટલી જ લગન સાથે લોક-શિક્ષણમાં લાગી રહેવાની જ્ઞાનીજન પાસે અપેક્ષા રાખવામાં આવી છે. ભગવાન એ પણ કહે છે, કે જ્ઞાનીએ જે વ્યક્તિ ઈચ્છાઓના દબાણ હેઠળ અહંકારને વશ થઈ ખરાબ કર્મોમાં લાગેલી છે, એવી વ્યક્તિઓના હૃદયમાં કોઈપણ પ્રકારનો ભ્રમ પેદા કરવો યોગ્ય નથી. જ્ઞાનીઓ જાતે જ પોતાનું કર્મ કરે અને બીજાઓને પણ કર્મ કરવાની પ્રેરણા આપે. શ્રીકૃષ્ણનો મત છે, કે કર્મણ્યતા એક પવિત્ર શક્તિ છે. ઈચ્છા પૂરી કરવા માટે અગર કોઈ અહમ ભાવથી ઉત્સાહપૂર્વક કર્મ કરે છે, તો તેને રોકો નહીં. અગર એકવાર તેઓ પરિશ્રમ ખેડતા ઢીલા પડી ગયા તો તેઓ ખરાબ કર્મોથી ઘેરાઈ જશે. જ્ઞાનીજનોએ ધીરે ધીરે પોતાનું ઉદાહરણ રજૂ કરતાં તેમની સાથે હળીમળી પ્રયત્ન કરવો જોઈએ, તેમને નિસ્વાર્થ ભાવે સમાજ સેવામાં પ્રવૃત્ત થવા માટે પ્રેરિત કરતા રહેવું જોઈએ.

ઉપરોક્ત બન્ને શ્લોકો ખૂબ જ ગુઢાર્થ વાળાઓ છે. તેમાં એક વાત ખૂબ જ મહત્વની આવી છે, તે છે સાચા અર્થમાં જ્ઞાનીની પરિભાષા. જ્ઞાની કોણ? પરમાત્માના સ્વરૂપ પર જે અચળ સ્થિત છે, એ વ્યક્તિ જ્ઞાની છે. કે જે ઈશ્વર તત્વને જાણે છે, જીવે છે, એ વ્યક્તિ જ્ઞાની છે, કે જે નિરંતર લોકોને શિક્ષણ આપતી રહે છે. સાથે સાથે તે પોતાના આચરણ દ્વારા શિક્ષણ આપતી રહે છે. એવી વ્યક્તિ જોતી નથી કે બીજા લોકો શું કરી રહ્યા છે. જે બીજાઓની તેમના કર્મોમાં અવિશ્વાસ પેદા કરતી નથી, બલ્કે સતત સારું કામ અને પરોપકારનું કામ કરવાની પ્રેરણા આપે છે, એ જ વ્યક્તિ સાચી જ્ઞાની છે.

આપણે સૌ એક જ દુર્ગુણના શિકાર બની જઈએ છીએ. તે છે બીજાઓને જોઈ એના અંગે વધારે વિચારવું. પોતે શું કરી રહ્યો છું, એ ન વિચારતા, એ વિચારીએ છીએ કે પેલી વ્યક્તિ શું કરી રહી છે, શા માટે કરી રહી છે. અગર આપણે સૌ પોતાના કર્મ અંગે વિચારવા લાગીએ તો ખરેખર આપણું સૌનું કલ્યાણ જ થઈ જાય, કારણ કે એવું વિચારતા,

વિચારતા ક્યાંકને ક્યાંક કર્મોમાં સુઘડતા આવીજ જશે. દક્ષિણ ભારતમાં પોંડિચેરી ખાતે અરવિંદનો આશ્રમ આવેલો છે, ત્યાં એક સજ્જન વ્યક્તિ અમોને મળી. તેણે મને જણાવ્યું કે આ આશ્રમમાં આપને ચિંતાગ્રસ્ત લોકો વધુ જોવા મળશે. મે કહ્યું હા! અનેક લોકોના કપાળ ઉપર કરચલીઓ દેખાય છે. તેઓ બોલ્યા,કે તેઓ એટલા માટે ચિંતાગ્રસ્ત છે, કે બીજા લોકો શું કરી રહ્યા છે તેનું વધુ ધ્યાન રાખે છે, પરંતુ પોતે શું કરી રહ્યા છે એની ચિંતા કરતા નથી. તેઓ બીજાઓને જોઈને હેરાન પરેશાન થતા રહે છે. લોકશિક્ષણ આપનારા સતત કામ કરતા રહે છે, બીજાઓને જોઈ હેરાન પરેશાન થતા નથી.

તમામ કામો શ્રેષ્ઠ છે. પ્રવચન કરવું, લેખન કરવું, ઝાડુ વાળવું, વાસણ માંજવા, ઢપલી વગાડી પ્રજ્ઞાગીતો રજુ કરવા તથા જનજન સુધી ક્રાંતિકારી વિચારો પહોંચાડવા વગેરે તમામ કામ શ્રેષ્ઠ છે. રામકૃષ્ણ પરમહંસ પાસે રસિક નામનો એક ભંગી હતો, એ દક્ષિણેશ્વરમાં ચોગાનમાં સફાઈનું કામ કરતો અને ઝાડુ લગાવતો. રામકૃષ્ણ પરમહંસ જીવતા હતા એ દરમ્યાન તે ઝાડુ લગાવતો રહ્યો. તેમના ધ્વારા સમાધિસ્થ થઈ ગયા બાદ, વિશ્વ વિજયી પ્રવાસ ખેડી આવેલા તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદે પણ સમાધિ લઈ લીધી, ત્યારે પણ તેણે સફાઈનું કામ ચાલૂ રાખ્યું હતું. તેમના પછી રામકૃષ્ણ મઠના અધ્યક્ષ સ્થાને બ્રહ્માનંદજી આવ્યા, જેથી તેઓ અધ્યક્ષ રૂપે બેલુરના મઠમાં રહેતા હતા. પરંતુ હજી પણ રસિક ભંગી દક્ષિણેશ્વરના મંદિરના આંગણામાં એ જ રીતે ઝાડુ મારી રહ્યો હતો, કે જેવો તે પહેલાં મારી રહ્યો હતો. પરંતુ તે હવે ખૂબ જ વૃધ્ધ થઈ ગયો હતો. તેને જીવનની અંતિમ ક્ષણોમાં એવો અનુભવ થયો કે તેને પોતાને રામકૃષ્ણ પરમહંસ રથ લઈને લેવા આવ્યા છે. મૃત્યુ પામેલ સ્થિતિમાં એવું કહેતાં કહેતાં જ બોલતા બોલતા ઉભો થઈ એવી રીતે ચાલ્યો ગયો કે જાણે તે સાચોસાચ રથમાં બેસીને ગયો ન હોય.

બરાબર આવો જ અનુભવ એજ સમયે ગંગા પાર આવેલા બેલુરમઠમાં રહેતાં બ્રહ્માનંદજીને થયો. તેમણે તુરંત પોતાની પાસે બેઠેલા લોકોને બતાવ્યું કે જૂઓ ઠાકુર (રામકૃષ્ણ પરમહંસ) આવ્યા છે અને રસિકભંગીને રથમાં બેસાડી લઈ જઈ રહ્યા છે. ત્યારબાદ સ્વામીજીએ રસિક ભંગીએ કેવી રીતે પરમહંસપદ પ્રાપ્ત કર્યું, તેનું ગૂઢ રહસ્ય લોકોને

સમજાવ્યું. તેની સાધનામાં ખૂબ ઉંડાણ હતું. તેણે કર્મને પૂજા માની કર્યું, જે તેને પૂર્ણતા તરફ લઈ ગયું. સફાઈ કરતાં કરતાં જ્યારે રસિક ભંગીને લક્ષ્યની પ્રાપ્તિ થઈ શકે છે, જોડા સીવતા સીવતા રૈદાસને થઈ શકે છે, વાસણ માંજતા માંજતા શિખ અર્જુનદેવને થઈ શકે છે, તો આપણાં સૌને પણ થઈ શકે છે, અગર આપણે તેને શ્રેષ્ઠ કર્મ માની ચાલીશું, ગુરુ ધ્વારા આપવામાં આવેલી જવાબદારી નિભાવીશું.

શાંતિકુંજ આશ્રમમાં એક ભાઈ રહે છે, જેમના વાળવાનો પગરવ મને બે અઢી વાગે ઉઠતાં જ સંભળાય છે. તેમનો ઝાડુ વાળવાનો આ ક્રમ નિયમિત જળવાય રહે છે.એમનું હું ૧૯૭૮ થી જોઈ રહ્યો છું. તેઓ સામેનો સમગ્ર વિસ્તાર (જે હવે સપ્તઋષિ આશ્રમ તરફ છે) તથા જે હોસ્પીટલ તરફ છે, તેને નિયમિત ઝાડુ મારી સ્વચ્છ બનાવીને રાખે છે, કે જ્યારે કોઈ ઉઠતું જ નથી. મેં તેમને એકવાર પૂછયું કે આપ આ શું કરી રહ્યા છો? ત્યારે તેમણે કહ્યું કે ગુરુદેવ કહીં ગયા હતાં કે તારે વહેલી સવારે ઉઠી સૌથી પહેલાં ઝાડુ લગાવવું. ત્યારથી હું આ જ કામ કરી રહ્યો છું. આ માણસ ચોક્કસ પરમ લક્ષ્યને પ્રાપ્ત કરી લેશે, કારણ કે તેણે ગુરુ ધ્વારા આપવામાં આવેલું કાર્ય પોતાનું કર્તવ્ય સમજી સંભાળી લીધું છે. જેઓ શાસ્ત્રાર્થની પચાસ પ્રકારની વાતો કહેતાં હોય છે, દુનિયાભરના પ્રવચન આપતાં હોય છે, સંભવી શકે છે,કે તેમને હજી અનેક જન્મો લેવા પડે.

## આત્માનું અભિમાન છોડીને જ કર્મયોગી બની શકાય

એક અત્યંત અગત્યના શ્લોકનાં માધ્યમ ધ્વારા યોગેશ્વર કૃષ્ણ પોતાની એજ વાતને આગળ વધારતા, જે જ્ઞાની અને અજ્ઞાનીઓના વિષયમાં ઉપર બતાવી છે. તેઓ આગળ કહે છે, કે-

**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।**
**अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥ ३/२७ ॥**

''ખરેખર તો તમામ કર્મો પ્રકૃતિના ગુણો દ્વારા જ કરવામાં આવે છે, પરંતુ અહંકારથી મૂઢ બનેલ (અહંકારથી મોહ પામેલ) વ્યક્તિ, અજ્ઞાની એ માની બેસે છે, કે હું કરું છું.'' આના આગળના શ્લોકને અર્થ સહિત જોઈ લઈએ, તો એને સમજવામાં સરળતા રહેશે.

**तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।**
**गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥ ३/२८ ॥**

''પરંતુ હે મહાબાહો! જે ગુણો અને કર્મોના વિભાગને તત્વથી જાણે છે, એ જ્ઞાનયોગી એ સમજીને કે ગુણ જ ગુણોમાં (ઇંદ્રિયરૂપી ગુણ વિષય રૂપી ગુણોમાં) રમે છે, એવું સમજી એમાં આસક્ત થતો નથી.''

અર્જુનના સદ્ગુરુ શ્રીકૃષ્ણ આ બે શ્લોક દ્વારા અજ્ઞાની, અહંકારી અને જ્ઞાનવાન અનાસક્ત વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે. એ બતાવે છે, કે અજ્ઞાની પોતાના વિચારો અને શરીર સાથે તાદાત્મ્ય સાંધી ''હું કર્તા છું'' એવું માની બેસે છે. પોતાના જ કર્મોમાં જકડાયેલ એ મૂઢ ન તો કર્મોને સારી રીતે પૂરા કરી શકે છે અને ન તો તેનો સંપૂર્ણ રીતે ઉપયોગ કરી શકે છે. તમામ સંચાલન જ્યારે કુદરત જ કરી રહી છે, તો આપણે કેવી રીતે માની લેવું જોઈએ કે કોઈ કાર્ય હું કરી રહ્યો છું. અગર આ 'કર્તા હું' આપણી સાથે ગુંથાયેલો રહેશે, તો આખું જીવન આત્મવંચનામાં જ જીવતાં રહીશું કે આ બધુ મારું કરેલું છે. આ 'અહં' ભાવનો ક્ષય થયા વગર વ્યક્તિનો વિકાસ સંભવ નથી.

સત,રજ, તમ આ ત્રણ ગુણ ધરાવતી આપણી સંપૂર્ણ પ્રકૃતિ જ 'કર્મ' કરે છે. આપણે કર્મ કરતા નથી. ભગવાને જ્યાં પ્રકૃતિના ગુણની ચર્ચા કરી છે, ત્યાં એનો અર્થ થાય છેઃ- ઇંદ્રિયો. ત્રિગુણાત્મક પ્રકૃતિએ આપણાંને જે શરીર તથા ઇંદ્રિયો આપી છે, તેનાથી જ તમામ કર્મ, તમામ

ક્રિયાઓ થાય છે. આ દેહ અને તેની અંદર સ્થિત આત્મા અને ઇંદ્રિયોનો જ્ઞાતા કોણ છે? એ છે પરમાત્મા ન કે કર્તા અથવા મનુષ્ય. જ્ઞાતાપણાનું સ્વરૂપ ભૂલીને શરીરની ઇંદ્રિયોની તમામ ક્રિયાઓ મારા થકીજ થઈ રહી છે, એવું માનવું જ અહંકાર છે. આ અહંકારથી મૂર્ચ્છિત આત્માને વિમૂઢાત્મક કહે છે. અસંખ્ય વ્યક્તિઓ આ ભ્રાંતિ હેઠળ જીવે છે. ભ્રાંતિનો અર્થ છે મૂઢતા, અજ્ઞાનની અવસ્થા.

શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતાં હતા કે ''આપણે લોકો જે કંઈ જોઈ રહ્યા છીએ, કરી રહ્યા છીએ અથવા વિચારી રહ્યા છીએ, એ બધુજ આધશક્તિ અથવા ચિત્ત શક્તિનોજ વૈભવ છે. આધશક્તિ યા મહામાયા એ જીવની બુધ્ધિને આવૃત કરી રાખી છે. અજ્ઞાની વ્યક્તિ સમજે છે, કે હું જ કર્તા છું, પરંતુ જ્ઞાની જાણે છે કે એક માત્ર ભગવાન કર્તા છે.'' પરમહંસ દેવ કહેતા રહેતા હતા કે ''મનુષ્યની અંદર બે પ્રકારનો 'હું' છે, કાચો હું અને પાકો 'હું'. કાચો હું બંધનનું કારણ બને છે. મુક્તિ ક્યારે થશે? જ્યારે અહં જશે. અહં તો જશે જ નહીં, તો 'હું દાસ છું' રૂપી એ દુષ્ટ અહંને રહેવા દો. હું ભગવાનનો દાસ છુંના બોધથી કોઈ નુકશાન થતું નથી. સમાધિ લાગ્યા પછી તેની સાથે જ્યારે મિલન થઈ જાય છે, ત્યારે 'હું' રહેતો નથી. જ્ઞાન થયા પછી અગર અહં રહેતો જાણી લેવું કે એ જ્ઞાનનો હું, ભક્તિનો હું, દાસનું હું છે. આ પાકો હું છે. એને જાણવો જ જોઈએ.''

આચાર્ય શંકર કહે છે, કે ''ઈશ્વર જ સર્વસ્વ કરે છે, એ જ કર્તા છું, હું એના સેવક રૂપે કાર્ય કરી રહ્યો છું, મનમાં આ વિચાર રાખી ચિત્તને આત્મમાં લીન કરી જરૂરી કાર્ય કરતાં રહેવું જોઈએ.'' ભગવાન જ બધુ કરે છે, એમની ઈચ્છાથી જ બધુ થાય છે. જીવ તો નિમિત્ત માત્ર છે, ઠાકુર શ્રી પરમહંસ દેવ સ્વયં આ ભાવને સંગીત સાથે ગાતા હતા. એને આવી રીતે અભિવ્યક્ત કર્યો છે.

**आमि यंत्र तुमि, आमि घर तुमि धरणी।**
**आमि रथ तुमि रथि, जै मन चालाओ ते मनि चली॥**

''હું યંત્ર છું, તમે યંત્રી છો, હું ઘર છું તમે ગૃહિણી છો, હું રથ છું અને તમે સારથી છો, જેવી રીતે ચલાવો છો એવી જ રીતે હું ચાલું છું.'' સ્વામી અપૂર્વાનંદજી દ્વારા સંપાદન કરવામાં આવેલ શ્રીમદ્‌ભગવત

ગીતા( રામકૃષ્ણ શિવાનંદ આશ્રમ બારાસાત પં.બંગાળ-૧૧૭૫ )માં ખૂબ જ સુંદર વર્ણન કરવામાં આવેલું છે.''

પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે જીવન સાધનાનું ક્ષેત્ર હોય, કે લોકસેવાનું. એ દરેક જગ્યાએ પ્રગતિ માટે અહં જ સૌથી વધારે અવરોધક છે. ત્રિવિધ ભવબંધનોમાં તેઓ અહંને સૌથી વધારે ઝેરી માનતા હતાં તથા તેને કચડી નાખવાની વાત કહેતા હતાં. આ વાત તેમણે આપણાં ૧૯૯૮ના ઐતિહાસિક શ્રાવણી (બળેવ) પર્વ પર કાર્યકર્તાઓની સભામાં કહી. તેમની આ વાતને (પરમ પૂ.ગુરુદેવની અમૃતવાણી) 'ગુરુદેવનો વારસો ભાગ-૧ પાના નં-૬૯ પર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.' જ્યાં સુધી 'અહંકાર' જીવતો હોય છે, ત્યાં સુધી માણસ બે કોડીનો છે, જે દિવસે તે મરી જશે, એ દિવસે માણસ બહુ કિંમતી થઈ જશે. 'અહં' જ છે, કે જેના કારણે તેનાથી ન તો સિધ્ધાંત, ન તો સેવા, કે ન તો આદર્શ અપનાવી શકાય છે. ''પૂજ્ય ગુરુદેવ ધ્વારા લખવામાં આવેલ તથા ખૂબ ચર્ચા પામેલ એક જાણીતો લેખ કે,જે આજે તમામ સંસ્થાના લોકસેવા સાથે જોડાયેલ લોકો માટે વાંચવા લાયક છે, એ છે ''યુગશિલ્પીઓ પોતાને મોટાઈના વિષપાનથી બચાવે.''

અઠાવીસમાં શ્લોકમાં વર્ણન કરવામાં આવ્યું છે, કે ગુણ જ (ઈંદ્રિયોરૂપી) ગુણોમાં (વિષય રૂપી) રમે છે, આ વાત જ્ઞાનીજન જાણે છે. એનો ભાવ એ છે, કે બુધ્ધિમાન વ્યક્તિ નિશ્ચિત રૂપે જાણે છે, કે ગુણ જ ઈંદ્રિયો રૂપે વિષયરૂપી ગુણોમાં ક્રિડા કરી રહેલ છે. જેમને પોતાની વાસનાઓની આ વાસ્તવિકતાનું જ્ઞાન છે, તેમને તેમના ભવિષ્યનું જ્ઞાન છે, એક ક્યારે પણ સંસારની આ માયાજાળથી મોહગ્રસ્ત બનતો નથી (न शोचति). આ વાત સમજવા યોગ્ય છે, કે ઈંદ્રિયોની સાથે વિષયોનો સંયોગ જ કર્મ છે. આત્મજ્ઞાની વ્યક્તિ જાણે છે, કે આત્મા નિષ્ક્રિય છે અને ઈંદ્રિયો જ કર્મ કરે છે. જેને હજી સુધી આત્મજ્ઞાન થયું જ નથી, એ વ્યક્તિ સમજે છે, કે ''હું કર્તા છું'' અને કર્મના ફળનો ભોગ પણ ''હું જ કરીશ'' આ જ કારણ છે, કે મોટા ભાગના લોકો ફળની આશાથી જ કર્મમાં આસક્ત થતા જોવા મળ્યા છે.

આગળના ૨૭માં તથા ૨૮માં શ્લોકમાં કહેવામાં આવેલી આ વાતના સમર્થનમાં ભગવાનના શ્રી મુખથી આ વાત નિકળી છે

**प्रकृतेर्गुणसम्मूढाः सज्जन्ते गुणकर्मसु।**
**तानकृत्स्नविदो मंदान्कृत्स्नविन्न विचालयेत्॥ ३/२९॥**
**मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा।**
**निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः॥ ३/३०॥**

''પ્રકૃતિના ગુણોથી મોહિત થઈ લોકો ત્રિગુણ અર્થાત્ શરીરગત ઇંદ્રિયોના કર્મોમાં આસક્ત થાય છે (અર્થાત્ હું જ કર્મ કરુ છું, કર્મના ફળનો ભોગ પણ હું જ કરીશ, એવું સમજી કર્મમાં પ્રવૃત થાય છે.) જ્ઞાની વ્યક્તિઓએ આવી મંદબુધ્ધિવાળી વ્યક્તિઓને વિચલિત ન કરવી જોઈએ, અર્થાત્ તેમને કર્મના ત્યાગનો ઉપદેશ ન આપે, કારણ કે એવું કરવાથી આવા નકામા માણસોની સૃષ્ટિ ઉભી થશે, જે સમાજ માટે નુકશાન કારક બનશે'' (૩/૨૯). એ જ રીતે હે અર્જુન! તૂં પણ પોતાની વિવેકબુધ્ધિ દ્વારા (મનમાં આવો વિચાર રાખતા કે ઈશ્વરકર્તા છે, હું તો તેમના હાથનું માત્ર રમકડું છું, એમનું જ કામ કરું છું) સમગ્ર કર્મો તથા કર્મફળ પરમેશ્વરને અર્પણ કરી નિષ્કામભાવથી મમતારહિત અને શોકરહિત બની યુધ્ધ કર (૩/૩૦).

આ ખૂબ જ નોંધ કરવા જેવી વાત છે. નસ્આશ અર્થાત્ આશારહિત, નિર્મમ અર્થાત્ મમતા રહિત તથા વિગતજ્વર અર્થાત્ શોકરહિત બની યુધ્ધ કરવાની વાત સુધી અર્જુનને લાવવા માટે ભગવાન કર્મયોગનો સમગ્ર મર્મ સમજાવી રહ્યા છે. એને આ વાત પણ સમજાવી રહ્યા છે, કે તૂં ભૂલી જા કે તૂં યુધ્ધ કરી રહ્યો છે. કર્મયોગની મૂળધરીનો ત્યાગ. કર્મયોગી બનવા માટે આત્માભિમાન છોડવો પડશે, એ એક સુનિશ્ચિત સત્ય છે. આ રીતે રીતે ભગવાન આપણાંને ઉપરોક્ત ચાર શ્લોક દ્વારા સમજાવે છે; અગર તેને ટુંકમાં સમજવું હોય તો તે આ પ્રમાણે છેઃ-

◆દરેક શિક્ષિત, સુસંસ્કૃત વ્યક્તિએ નિઃસ્વાર્થભાવે ઉત્સાહપૂર્વક માર્ગદર્શન માટે કર્મમાં લાગી રહેવું જોઈએ.

◆જ્ઞાની વ્યક્તિએ ક્યારે પણ બીજાઓને કર્મોનો ત્યાગ કરવાની વાત કહી તેમને કર્તવ્ય પાલનથી વિમુખ કરવા જોઈએ નહીં. એનાથી વિપરીત નિષ્ઠાપૂર્વક કર્તવ્ય-કર્મોના પાલન દ્વારા સમાજને હંમેશા પ્રેરણા આપતા રહેવું જોઈએ.

◆હંમેશા એ માનવું જોઈએ કે કોઈ પ્રકારે આશા છોડ્યા વગર ઉદ્‌વેગથી મુક્ત બની, અહંભાવથી રહિત થઈ અને ઈશ્વર પ્રત્યે સમર્પણનો ભાવ રાખી ઈશ્વરના નિમિત્તે જ કર્મ કરવાનું છે.

ત્રીજા શ્લોકમાં જે વાત કહેવામાં આવી છે, તે જ સફળતાની ચાવી છે. ભલેને એ પ્રયત્ન ભૌતિક હોય કે આધ્યાત્મિક. ભગવાન કહે છે કે 'मयि सर्वाणि कर्माणि सन्न्यस्य' અર્થાત્ તમામ કર્મો મને સમર્પણ કરતાં હંમેશા આ જ વિસર્જન ભાવથી કર્મ કરતા રહેવું જ એ વિવેકી વ્યક્તિને શોભે છે. સામાન્ય વ્યક્તિઓ લગભગ કુટુંબના સીમાડાઓ સુધી જ મર્યાદિત રહી, પત્નિ, છોકરો, છોકરી અને સગા સંબંધીઓ માટે જ કર્મ કરે છે. આપણે બધાં જ એમના પ્રતિનિધિ છીએ, એ મહાન ઈશ્વરના કે જે આ ઈચ્છાઓ, શ્રેષ્ઠતાઓનો સમૂહ છે. આ ભાવ આપણાંને અખૂટ શક્તિ, સામર્થ્ય, ક્ષમતા અને વિવેક આપે છે. આપણે કુટુંબના નહીં, પોતાના સંકુચિત સમાજના નહીં, પરંતુ એ પરબ્રહ્મના, પરમાત્માના સેવક બનવું જોઈએ.

પરમ પૂજ્ય ગુરુદેવે આ ઈશ્વરીય તત્વનો મહાનતા રૂપે નિષ્કર્ષ કાઢ્યો. તેઓ લખે છે કે ''મહાનતા આગ સમાન છે, એના સંપર્કમાં જે પણ આવે છે, ગૌરવયુક્ત એના જેવો જ બનતો જાય છે.... આવા સૌભાગ્યમાં શ્રેયાર્થીનો વિવેકજ મુખ્ય હોય છે, પછી મહાનતા જેને ઈચ્છે છે, તેનું વરણ કરી લે છે. જાગૃત જ છે, જે મહત્વનો નિર્ણય કરતા સાહસ અપનાવતા અને અવિસ્મરણીય મહામાનવોની પદવી પ્રાપ્ત કરે છે......આજના દિવસોમાં પ્રાણવાનોને મહાકાળે આગ્રહ કરીને સહકાર આપવા બોલાવ્યા છે. ખરેખર તો એ યશના અધિકારી બનવાના સૌભાગ્યનો સંદેશો જ છે..... જાગૃત આત્માઓ અગર યુગદેવતાના અનુરોધને-આમંત્રણને સાંભળી શકે, તો તેઓ પણ અર્જુનની જેમ ભગવાનની નજીકના સ્વજનોમાં ગણાવાના છે અને મહાનતાનો સંપૂર્ણ યશ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી નિવડી શકે છે. (પ્રજ્ઞા અભિયાનના ઓક્ટોમ્બર નવેમ્બર ૧૯૯૧ના સંયુક્ત વિશેષાંકમાંથી).''

આજના યુગધર્મના દૃષ્ટિકોણથી ગીતામાં કહેવામાં આવેલી વાતનું સમર્થન ઉપરોક્ત સંદર્ભમાં જ થાય છે. અનાસક્ત કર્મયોગ પરમ પૂજ્ય ગુરુદેવનો પ્રિય વિષય હતો. તેઓ કહેતાં પણ રહ્યા અને લખતાં પણ

રહ્યાં. તમારે વિચાર ક્રાંતિના મોરચા પર કોઈ અપેક્ષા કે મોહ રાખ્યા વગર સતત લાગી રહેવાનું છે. આ રણસંગ્રામ તો તમારા જીવનના અંત સુધી ચાલવાનો છે. આવો અવસર વારંવાર આવતો નથી. યશના અધિકારી બનવું હોય તો બની જાવ. નહીં તો કીડી, મકોડા કે પશુ જેવું જીવન જીવતાં ૮૪ લાખ યોનિઓમાં ચક્કરમાં કાપતા રહેશો. આપણે જ્યારે યુગ ગીતાના દૃષ્ટિકોણથી કર્મયોગનું અધ્યયન કરીએ છીએ, ત્યારે ચારેબાજુ 'युध्यस्व विगतज्वरः' જેવો ઉપદેશ સંભળાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ ત્રીસમાં શ્લોકમાં વ્યક્તિત્વ નાશના ત્રણ નિયમો પણ બતાવ્યા છે. 'निराशीः निर्ममो भूत्वा' અર્થાત્ કોઈ પણ આશા અને મમતા રાખ્યા વગર તથા (વિગત જ્વરઃ) ઉદ્વેગ રહિત બનીને પોતાના કર્મોનું પાલન કરવામાં આવે, (તેઓ ભવિષ્યમાં કંઈક પ્રાપ્ત થવાની સંભાવના કે **આશા** છે,ભૂતકાળના પસ્તાવાથી મનને અશાંત થવા દેવું પોતાની અંદર મમતાનો વિકાસ થવા દેવો. આ ત્રણ નિયમો આપે છે) તો ભૂતકાળનું આ ચિંતન આપણી કાર્યકુશળતાને ઓછી કરે છે. વર્તમાનમાં **ઉદ્વિગ્નતા** ધ્વારા શક્તિઓનો નાશ કરવો આપણાં સ્વભાવમાં વણાઈ ગયું છે. આ તણાવભર્યા યુગમાં જ્યારે આપણી પાસે અનેક કર્તવ્યોની અપેક્ષા રાખવામાં આવી રહી છે, ત્યારે આપણું ઉદ્વિગ્ન થવું સ્વાભાવિક છે. આવી સ્થિતિમાં ભવિષ્ય, વર્તમાન અને ભૂત ત્રણેને સાધી શાંત ગંભીર બની રહી સમર્પણ ભાવથી કર્મ કરવું જ આપણે ધર્મ હોવો જોઈએ.

આપણાં સૌના જીવનમાં નિરંતર નિત્ય યુધ્ધ સામે આવતું રહે છે. આપણાં અંતઃ કરણમાં આ યુધ્ધ મનોવિકારોની વિરૂધ્ધમાં ચાલતું જ રહે છે. તે જીવનના ઉતાર ચઢાવ, કે મુશ્કેલીઓ રૂપે પણ જન્મ લેતું રહે છે. તે ઉદ્વેગ, ક્ષોભ, વિક્ષોભ તથા નિષ્ફળતાનો જન્મ આપે છે. ફરીથી પોતાના અંતઃકરણને વ્યવસ્થિત કર્યા પછી પ્રાપ્ત થયેલી શક્તિઓનો અગર કુરિવાજો, અસામાજિક પ્રવૃત્તિઓ સામે સંઘર્ષ કરવા, એની વિરૂધ્ધમાં યુધ્ધ કરવામાં ઉપયોગ કરવામાં આવે તો તેનાથી સમાજના સાંસ્કૃતિક વિકાસનો માર્ગ ખૂલ્લો થશે. ભૂતકાળનો ગ્લાનિનો ભાવ, ભવિષ્યની ચિંતા તથા વર્તમાનમાં ઉદ્વેગ ધ્વારા આપણે મૂર્ખતાપૂર્વક અજાણતાંથી જ પોતાની શક્તિનો નાશ કરતા રહીએ છીએ, જેમાં આપણાંને નિષ્ફળતા, નિરાશા અને વિષાદનો બોજ જ સહન કરવો પડે

છે. આપણે આપણી અંદર એક આદર્શ અથવા એક લક્ષ્ય પ્રત્યે શ્રધ્ધા પેદા કરીએ તથા સમર્પણના ભાવથી મહેનત કરતા કર્મમાં રત રહીએ. આ જ સફળતાનો રાજમાર્ગ છે. એના આધારે જ દરેક મહામાનવ, પોતાના સમયના મહાનાયકને સફળતા મળી છે, એમાં કોઈ શોર્ટકટ નથી. અગર સામૂહિક રૂપે આ કાર્ય થઈ શકે તો તેનાથી સમાજનો તથા રાષ્ટ્રનો ગૌરવ ચોક્કસ વધશે.

આગામી બે શ્લોકમાં ભગવાન ખૂબ જ સ્પષ્ટતા સાથે જણાવે છે, કે આ સમાજમાં કેટલીક વ્યક્તિઓ સફળ તથા કેટલીક વ્યક્તિઓ નિષ્ફળ શા માટે સાબિત થાય છે. તેઓ ત્રીજા અધ્યાયના એકત્રીસમા શ્લોકમાં કહે છે કે-

**ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः।**
**श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः॥ ३/३१॥**

''જો કોઈ વ્યક્તિ દોષદૃષ્ટિ રહિત અને શ્રધ્ધાયુક્ત બની મારા આ મતનું હંમેશા અનુસરણ કરે છે, એ વ્યક્તિ સંપૂર્ણ કર્મના બંધનોમાંથી મુક્ત થઈ જાય છે.'' બત્રીસમાં શ્લોકમાં કહે છે, કે-

**ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम्।**
**सर्वज्ञानविमूढांस्तान्विद्धि नष्टानचेतसः॥ ३/३२॥**

''પરંતુ જે મનુષ્ય મારા પર દોષારોપણ કરતા મારા આ મત અનુસાર ચાલતો નથી, એ મૂર્ખાઓને તો તૂં સંપૂર્ણ વિષયોમાં મોહિત અને નાશ થયેલો જ જાણ.''

ભગવાન અર્જુનને સ્પષ્ટતાથી સમજાવી રહ્યા છે, કે જીવન સંગ્રામમાં સફળતા પ્રાપ્ત કરવી હોય, તો એક જ રાજમાર્ગ છે. તે છે કોઈપણ મહાન આદર્શ પ્રત્યે પોતાનું સંપૂર્ણ-પૂરેપૂરું સમર્પણ અને પોતાના હૃદયને એના જ વિચારોથી ભરી શ્રેષ્ઠતાની સાથે કર્મોનું પાલન. અગર આ રહસ્ય આપણી સૌની સમજમાં આવી જાય તો જીવન જીવવાનો આનંદ આવી જાય. પરમ પૂજ્ય ગુરુદેવે આ વાસ્તવિકતા આપણાંને સમજાવતા ૧૯૮૨ની એપ્રિલ માસની અખંડ જ્યોતિના તંત્રી લેખમાં લખ્યું છે, કે ''બ્રહ્મવિદ્યાના તત્વજ્ઞાનીઓએ આ શાશ્વત સત્યનો હૃદયંગમ કરી જ લેવો જોઈએ કે ભૌતિક સંપત્તિની તુલનામાં આધ્યાત્મિક સંપદાનું પ્રત્યક્ષ અને પરોક્ષ પરિણામ હજારઘણું વધારે છે. આ રોકડિયો ધર્મ છે.

એમાં આ હાથથી આપો પેલા હાથથી લો ની સંપૂર્ણ અને પાકી ખાત્રી છે. વ્યક્તિત્વને સ્વચ્છ બનાવવું એ એટલો મોટો લાભ છે, કે જેની હુંડી પ્રત્યક્ષ અથવા પરોક્ષ બન્ને ધંધામાં હાથોહાથ વટાવી શકાય છે, પરંતુ આ ખૂબ જ કિંમતી સંપત્તિને ખરીદવા માટે તેની યોગ્ય કિંમત ચૂકવ્યા વગર કોઈ ગતિ નથી. શ્રેષ્ઠ ચિંતન, સ્વચ્છ ચારિત્ર અને લોકકલ્યાણ માટે ઉદાર હાથે દાન, આ ત્રણે લક્ષ્ય એવા છે, કે જે ત્રણે મળી ત્રિવેણી સંગમની જેમ તીર્થરાજ બને છે અને ધારણ કરનારને તુરંત કાયાકલ્પ કરી નાખવા જેવું પ્રતિફળ આપે છે.''

જેઓ આ રહસ્યને જાણે છે તથા જીવનમાં ઉતારે છે, તેઓ ન માત્ર દરેક દૃષ્ટિએ સફળ રહે છે પરંતુ તમામ પ્રકારના કર્મ-બંધનમાંથી છુટી પણ જાય છે. ભગવાન દ્વારા બનાવવામાં આવેલો આ સિધ્ધાંત અહીં ગીતામાં આપવામાં આવ્યો છે અને જેઓ તેની વિરુધ્ધમાં આચરણ કરે છે, તેઓ તો નાશ પામે છે. આટલી સ્પષ્ટ ફોર્મૂલા આપનાર ભગવાન શ્રીકૃષ્ણ જે ખાત્રી સાથે વાત કહી રહ્યા છે, તેની પાછળ ભગવાનનું ગહન દાર્શનિક ચિંતન છુપાયેલું છે. એને માટે તેત્રીસમો શ્લોક જુઓ.

**सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि।**
**प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति॥ 3/33॥**

''તમામ પ્રાણીઓ પોતાની પ્રકૃતિ (વાસનાઓ)નું જ અનુસરણ કરે છે, પોતાના સ્વભાવને વશ થઈને કર્મ કરે છે. એક જ્ઞાનવાન પણ પોતાની પ્રકૃતિ (વાસનાઓ)ની અનુસાર જ વર્તન કરે છે. પછી એમાં નિગ્રહની શું ભૂમિકા છે, કોઈ વસ્તુ કાજે શા માટે હઠ કરશે.''

ભગવાન કહી રહ્યા છે, કે આજે જે બુધ્ધિમાન, જ્ઞાનવાન છે, એ વ્યક્તિ કોઈ સિધ્ધપુરુષ નથી, એક શાસ્ત્રજ્ઞ છે, જેણે પોતાની બૌધ્ધિક કુશળતા દ્વારા સફળતાના વિવિધ રહસ્યોને સારી રીતે સમજી લીધા છે. આ બુધ્ધિમાન મનુષ્ય પણ પોતાની પ્રકૃતિ-વાસનાઓની અનુરૂપ જ આચરણ કરે છે (सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि) ભગવાન શ્રીકૃષ્ણના કથન અનુસાર તમામ પ્રાણીઓ પોતાના જીવન દરમ્યાન પોતાની વાસનાઓ અનુસાર જ વિચાર કરી શકે છે અને એજ પ્રબળ વિચારો અનુસાર એમના કર્મ પણ હોય છે. આ રીતે બુધ્ધિમાન-સામાન્ય તમામ પ્રાણીઓની ક્રિયાઓનું સ્ત્રોત તેમની વાસનાઓ જ હોય છે. (प्रकृतिं यान्तिं

भूतानि)આ પ્રકૃતિ શબ્દ જે પ્રયુક્ત થયો છે, એ અહીં કર્મ સંસ્કારના સંદર્ભમાં વપરાયો છે. અનેક જન્મોના સંચિત સંસ્કારો સ્વભાવ અનુસાર કર્મનો જન્મ આપે છે. પ્રત્યેક મનુષ્ય એને જ વશ થઈ કર્મ કરે છે. ''निग्रहः किं करिष्यति'' સાથે ભગવાનનું કહેવાનું તાત્પર્ય છે, કે આવી સ્થિતિમાં ઉપદેશ આપવો અથવા કોઈપણ પ્રકારે બહારથી કરવામાં આવેલો પ્રયત્ન શું ફળ આપશે? કારણ કે મનુષ્યના સ્વભાવનું શુધ્ધિકરણ ખૂબ જ મુશ્કેલ કાર્ય છે.

એ જાણી લેવું ખૂબજ જરૂરી છે, કે પ્રત્યેક મનુષ્ય સાધનાથી સિધ્ધિનું, સફળતાની પ્રાપ્તિનું સૈધ્ધાંતિક સ્વરૂપ જાણે છે. તો પછી શું કારણ છે, કે આ રીતને એ વ્યવહારમાં લાવી શકાતી નથી. ભગવાન શ્રીકૃષ્ણ આપણાં સૌના જીવનમાં આપણને દૃશ્યમાન વિરોધાભાસનું દર્શન કરાવી રહ્યા છે. એક ડૉક્ટર જાણે છે, કે નશાખોરી તેને માટે નુકશાનદાયક છે, છતાં પણ એ દારૂની લત છોડતો નથી. જે આપણે જાણીએ છીએ, એ જરૂરી નથી કે એ આપણાં વ્યવહારમાં પણ આવે. શા માટે? કારણ કે આપણે આપણી પ્રકૃતિ (સ્વભાવ) સાથે બંધાયેલા છીએ. તો શું એ હંમેશા અસંભવ છે, કે વ્યક્તિ સુસંસ્કૃત બની શકતો નથી. તો પછી આ બધા જ આધ્યાત્મિક ઉપચારો શા માટે? આ કાર્ય માત્ર ઉપદેશોથી નહીં, બાહ્ય ઉપચારથી નહીં, નિર્દેશોથી સંભવ બનશે નહીં, પરંતુ આ કાર્ય થશે તો, વિવેક જાગૃત કરવાથી થશે. આપણી અંદર એ વિવેક જાગૃત થવો જ જોઈએ.ગાયત્રી મહાશક્તિની કૃપાથી આપણાંને એ સદ્‌બુધ્ધિ મળવી જ જોઈએ, કારણ કે એનાથી આપણે જાણી શકીએ. કે આપણાં માટે વિષયોનો ઉપભોગ વિષ સમાન છે, એ માત્ર આપણી જીવની શક્તિનો દુર્વ્યય કરી આપણાંને પોલાં બનાવી દે છે.

અગામી શ્લોક, કે જે અર્જુનના મનમાં પ્રશ્ન પેદા થાય તે પહેલાં પૂછવામા આવ્યો છે. જે ખૂબ જ અગત્યનો છે. એની અંદર આત્મસંયમનું મહત્વ દર્શાવી સ્વધર્મમાં મનુષ્યને સ્થાપવાનું વર્ણન છે. સમાપન કરતાં પહેલાં કવિતાની એક લીટી રજૂ કરવામાં આવી રહી છે.''एक बची चिनगारी चाहे चिता जले या दीप।''અર્થાત્ એક જ ચિનગારી બાકી છે, તેનાથી ઈચ્છીએ તો આપણે ચિતા સળગાવી શકીએ, ઈચ્છીએ તો દીપક પ્રગટાવી શકીએ. આપણી પાસે ટુકું જીવન છે અને પ્રાણશક્તિનો માત્ર

થોડોક અંશ આપણી પાસે છે. ઈચ્છો તો એનાથી આપણે આપણાં શરીરનો નાશ કરી શકીએ, ઈચ્છીએ તો તેનાથી જીવન ને ઉપર ઉઠાવી ભવબંધનમાંથી મુક્તિ પ્રાપ્ત કરી શકીએ. જીવનનો બચેલો સમય ખૂબ ઓછો છે અને ભૂલ ભૂલામણી ખૂબ છે. અગર આપણે એમાં ખૂંપી જવાના બદલે સ્વયંને શ્રેષ્ઠ કર્મમાં લગાવી દઈએ, તો એ જ આપણો પરલોક પણ સુધારી નાખશે.

## जाहि शत्रुं महाबाहो कामरुपं दुरासदम्

અગામી બન્ને શ્લોકો ભગવાને અર્જુનના મનમાં પ્રશ્ન ઉઠે તે પહેલાં કહ્યાં છે. તે આ પ્રમાણે છે-

**इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ।**
**तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ॥ ૩/૩૪॥**
**श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्।**
**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः॥ ૩/૩૫॥**

''ઈંદ્રિયોનો ઈંદ્રિયો પ્રત્યે રાગ દ્વેષ સ્વાભાવિક જ છે. મનુષ્ય પાસે આ જ અપેક્ષા રાખવામાં આવે છે, કે તે (રાગદ્વેષ) એના વશમાં ન થાય, કારણ કે બન્ને એની સફળતાના માર્ગમાં મોટા શત્રુ સમાન છે.''. સારી રીતે આચરણમાં લાવવામાં આવેલ બીજાઓના ધર્મની અપેક્ષા એ પણ ગુણ રહિત જણાતો પોતાનો ધર્મ જ શ્રેષ્ઠ છે. બીજાઓનો ધર્મ ભય પહોંચાડનાર છે.''

આ સમગ્ર પ્રકરણમાં આત્મસંયમનો મહિમા દર્શાવવામાં આવ્યો છે. ગીતા માનવ ઘડતરની પ્રક્રિયાનું શિક્ષણ આપનાર વૈજ્ઞાનિક ગ્રંથ છે. એટલા માટે અહીં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનની સમક્ષ જીવનમાં મનુષ્યની નિષ્ફળતાના કારણોનું રહસ્યોદ્‌ઘાટન કરી રહ્યા છે. પ્રથમ શ્લોકમાં તેઓ કહે છે, કે આ વિવિધતાપૂર્ણ સંસારમાં સૌના પોતાના રાગ તથા દ્વેષ હોઈ શકે છે. અમુક વ્યક્તિ જેને પસંદ કરે છે, સંભવ છે, કે બીજાઓ એને પસંદ ન કરે. રાગ એ આકર્ષણનો ભાવ છે, જેની અનુભૂતિ વ્યક્તિને અનુકૂળ પદાર્થ અથવા વાતાવરણ મળ્યા પછી થાય છે. દારૂડિયાને દારૂ પ્રિય લાગી શકે અને સાધકને ફળાહાર. જે પદાર્થ આપણી વાસનાઓની પ્રતિકૂળ હોય છે, એનાથી આપણે દ્વેષ કરીએ છીએ. આપણાં મનમાં પેદા થતા રાગ અને દ્વેષની તીવ્રતાનું પ્રમાણ આપણી વાસનાઓના સ્વરૂપ ધ્વારા જ નક્કી થાય છે. પોતપોતાના વિષયમાં અનુરાગ અથવા દ્વેષ થવો એ ઈંદ્રિયો માટે સ્વાભાવિક છે, પરંતુ મોક્ષાર્થી જ્ઞાની વ્યક્તિને રાગ દ્વેષ ન હોવો જોઈએ. રાગ અને દ્વેષ આપણાંને અનૈતિક કર્મ કરવા વિવશ ન કરી દે, એનું આપણાં સૌએ ધ્યાન રાખવું જોઈએ. ભગવાન કહે છે, કે અગર વાસનાની આ બે વૃત્તિઓને અભિવ્યક્ત થવું જ હોય,

તો ઓછામાં ઓછું એમાં આપણો સ્વાર્થભર્યો અહંભાવ ન હોવા જોઈએ, અર્થાત એ રીતે અભિવ્યક્ત થાય કે આપણી મનોભૂમિમાં કોઈ એવા ગાઢ સંસ્કારો ન છોડી શકે, જે બળપૂર્વક ભવિષ્યના કર્મોમાં આપણી પ્રવૃત્તિઓનું કારણ બની શકે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, કે મનુષ્ય પાસે આશા રાખીએ કે એ આ નીચેની પ્રવૃત્તિઓને જીતે તો અવશ્ય, પરંતુ એ પોતાની પ્રકૃતિ યા સ્વભાવની વિરુધ્ધ ન ચાલે. શા માટે? કારણ કે આપણાં માટે પર ધર્મ અનુસાર, બીજાઓની પ્રકૃતિ અનુસાર, બીજાઓના સ્વભાવ અનુસાર ચાલવા કરતાં અપૂર્ણ રૂપે પણ પાલન કરવામાં આવી રહેલ સ્વધર્મ અનુસાર, પોતાની પ્રકૃતિ અનુસાર, પોતાના સ્વાભાવ અનુસાર ચાલવું શ્રેષ્ઠ છે, આ વાત ૩૫માં શ્લોકમાં કહેવામાં આવી છે. ભગવાન કહે છે,કે દરેક મનુષ્ય 'સ્વધર્મ' પર અવિચળ રહેવું જોઈએ. પ્રત્યેક વ્યક્તિને પોતાની પ્રકૃતિ, પોતાના ગુણ કર્મ અનુસાર એનો ધર્મ નક્કી હોય છે. પોતપોતાના સ્વધર્મ-સ્વકર્મને આધ્યાત્મિક કર્મ બનાવી લઈએ, પરંતુ બીજાઓના વાસનાઓ યુક્ત સ્વભાવની નકલ ન કરો.

કોઈ કોઈને આ કથન રુઢિવાદી લાગી શકે છે, કે ભગવાન શ્રીકૃષ્ણ વર્ણાશ્રમની વાત કહી રહ્યા છે. એવું પણ લાગી શકે છે, કે વર્તમાન સમાજ વંશવાદને અને નાતજાતના ભેદભાવને જાળવી રાખવા ઈચ્છે છે. જે વ્યક્તિ ક્ષત્રિયકુળમાં પેદા થાય છે, એણે યુધ્ધ જ કરવું જોઈએ અને બ્રાહ્મણના ચિંતનશીલ જીવનનું અનુકરણ ન કરવું જોઈએ; જો કોઈ ઈચ્છે તો એ અર્થ પણ કાઢી શકે છે. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી છણાવટ કરવાથી જાણ થાય છે, કે આ શ્લોકમાં ખૂબ જ ગહન અર્થ છુપાયેલો પડ્યો છે.

'સ્વધર્મ', કે જેની વાત ઉપર કહેવામાં આવી છે, એ આપણી પોતાની આંતરિક કામનાઓ અને પ્રવૃત્તિઓ સિવાય બીજું કંઈ નથી. આપણી વાસનાઓ જ એનું માર્ગદર્શન કરતી રહે છે. આપણો સ્વભાવ જ આપણું ચારિત્ર છે, જે સમાજમાં એક વ્યક્તિરૂપે આપણી અભિવ્યક્તિનું માધ્યમ બને છે. આપણે બીજાઓની નકલ કરવાના બદલે જે વાસનાઓને લઈને જન્મેલા છીએ, એનો જ નિસ્વાર્થી કર્મો દ્વારા ક્ષય કરો, આ જ ભગવાનને પ્રિય છે.

અહીં પરમ પૂજ્ય ગુરુદેવે કર્તવ્ય તથા કર્મો સાથે સ્વધર્મ-પરધર્મની વ્યાખ્યા કરી છે. જે કર્મોના આપણે લાગેલા છીએ, એમાં જ સતત લાગી રહી ભગવદ્ કાર્યો નિમિત્તે જ આપણું સર્વસ્વ લગાવી કાર્ય કરવું જ આપણાં માટે શ્રેયકારક છે. મનુષ્ય માટે પ્રલોભન જોઈ પોતાનો માર્ગ બદલી નાખવો યોગ્ય નથી. પરમ પૂજ્ય ગુરુદેવે પોતાની ઓજસ્વી વાણી (ગુરુદેવનો વારસો-ભાગ-૧)માં કહે છે, કે ''સિધ્ધાંતો પાળવા માટે અમોએ સામેવાળા વિરોધીઓ, મહામંડલેશ્વરો, શંકરાચાર્યો સૌનો સામનો કર્યો છે. સોનાની સાંકળોને લાત મારી છે. જીવન પર્યન્ત પોતાના માટે, આપના માટે, સમાજ માટે, સમગ્ર વિશ્વ માટે, સ્ત્રીઓના અધિકારો માટે હું એકલો જ ટક્કર લેતો રહ્યો. અનીતિ સાથે સંઘર્ષ કરવા માટે મેં યુગનિર્માણનું, વિચારક્રાંતિનું સંચાલન કર્યું. એ બાબતમાં હું રાજપૂત છું. મારી અંદર પરશુરામની જેમ રોમરોમમાં શુરાતન અને સાહસ ભરી દેવામાં આવ્યું છે. હું મહામાનવ છું.'' બ્રાહ્મણત્વની ધરી પર જીવનારા પરમ પૂજ્ય ગુરુદેવ પોતાના આ શબ્દો દ્વારા આપણું સીધુ માર્ગદર્શન કરી રહ્યા છે, કે આપણું જીવન કેવું હોવું જોઈએ. ધર્મને ખૂબ જ વ્યાપક અર્થમાં લઈને એમણે સ્વધર્મને સમજાવ્યો છે. આપણાં સૌનો આ જ આજનો યુગધર્મ છે, ગુરુજી દ્વારા ચિંધવામાં આવેલ કાર્યોમાં લાગી રહી પોતાની જાતને ધન્ય બનાવી લેવી, યુગ નિર્માણની વિચારસરણીનો વ્યાપક વિસ્તાર કરવો, દરેક વ્યક્તિના ચિંતનને ધરમૂળથી સ્વચ્છ બનાવવા માટે તત્પર રહેવું. આ જ યુગધર્મ છે, સ્વધર્મ છે, પોતાના સ્વભાવની અનુરૂપ એને કરવા માટે આપણે જોડાયેલા છીએ,આપણે એનાથી વિપરીત ન જવું જોઈએ.

આટલી છણાવટ પછી અર્જુન પ્રશ્ન પૂછી બેસે છે. એનું જિજ્ઞાસુ મન કહી ઉઠે છે, કે કેટલીયે ક્ષણોથી હું ગૂઢ વિવેચન સાંભળી રહ્યો છું.

**अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरूषः।**
**अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः॥ ३/३६॥**

''હે કૃષ્ણ! તો પછી મનુષ્ય જાતે ન ઈચ્છતો હોવા છતાં પણ જબરદસ્તીથી પાપનું આચરણ શા માટે કરવા લાગે છે. એ કોનાથી પ્રેરાઈ આવો વ્યવહાર કરે છે.''

યુગો યુગોથી આ એક શાશ્વત પ્રશ્ન ઉપર ઉઠીને સામે આવી ઉભો રહ્યો છે. અર્જુન જાણવા ઈચ્છી રહ્યો છે, કે મનુષ્યમાં એવો કયો

દુર્ગુણ છે અથવા શેતાન કામ કરે છે, જે એને પાપ કરવા માટે, પોતાના જ્ઞાનનું ઉલ્લંઘન કરવા પ્રેરિત કરતો રહે છે. ભગવાને વેદાંતના પ્રકાશમાં આ પ્રશ્નનો જવાબ ખૂબ જ સુંદર રીતે આપ્યો છે,તેઓ કહે છે,કે

**काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।**
**महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥ ३/३७ ॥**

''રજોગુણથી ઉત્પન્ન થયેલ આ કામ જ ક્રોધ છે, એ અગ્નિની જેમ ક્યારે પણ તૃપ્ત થનાર નથી તથા એ તમામ પાપોનું મૂળ છે. આ જગતમાં કોઈપણ વ્યક્તિનો એ સૌથી મોટો શત્રુ છે.''

કોઈપણ પદાર્થની પ્રાપ્તિની ઈચ્છા જ્યારે મર્યાદા પાર કરી જાય છે, ત્યારે એ એના ઉપભોગ માટે 'કામુકતા'નું રૂપ ધારણ કરી લે છે. આ 'કામ'માં જ્યારે અવરોધ આવે છે ત્યારે એ વિકૃત બની ક્રોધનું રૂપ ધારણ કરે છે. આપણાં જીવનના આદર્શો એક બાજુ લટકી રહે છે અને આપણે એનું ઉલ્લંઘન કરી ક્રોધથી પોતાની જાતને અસ્તવ્યસ્ત બનાવી લઈએ છીએ. સદ્ગુણ સ્વયંને અભિવ્યક્ત કરી શકતા નથી.

કામ તથા ક્રોધની ઉત્પત્તિ રજોગુણ અર્થાત્ માનસિક ઉથલપાથલથી થાય છે. આંતરિક અપૂર્ણતાનો ભાવ આપણાંને સાંસારિક પદાર્થોનો સંગ્રહ, એની ઉપર અધિકાર સ્થાપવા માટે, ઉપભોગ કરવા માટે વ્યાકુળ બનાવી દે છે. એનાથી ઉત્પન્ન થયેલ અધીરતા એને સતત તંગ કરતી રહે છે. આ કામ અથવા ક્રોધ જ છે. જે મનુષ્યો, જાતિઓ, સમુદાયો, રાષ્ટ્રોને એકબીજા પર આક્રમણ કરવા, અત્યાચાર ગુજારવા ઉત્તેજિત કરતો રહે છે અને આ કારણે જ ઈતિહાસ મનુષ્યના સામૂહિક વિનાશની, લોહીથી ખરડાયેલ નિરર્થક ગાથા બનીને રહી ગયો છે.

પરમ પૂજ્ય ગુરુદેવ કહેતાં રહેતાં હતા કે પોતાના કામાગ્નિમાં સળગીને આપણે ભસ્મ થઈ જઈએ છીએ. આપણો કામાગ્નિ પ્રાણાગ્નિ કેમ બની શકતો નથી. ઈચ્છાઓ અને ક્રોધ મનુષ્યના જીવનમાં મહાન શત્રુ છે. એ એક પ્રકારની આગ છે, જે મનનો તો નાશ કરે જ છે, સાથે સાથે શરીરનો પણ નાશ કરી દે છે, એમાં જેટલા પ્રમાણમાં આપણે આહુતિઓ નાખીએ છીએ, એટલા જ પ્રમાણમાં એ આગ વધતી જ જાય છે. અગર આપણે ભગવદ્ અર્થાત્ કર્મ કરવાનું શીખી લઈએ, તો આપણી ભાવનાની તૃપ્તિ આપોઆપ થતી જાય છે. કોઈપણ લોકસેવકે, પોતાનું વ્યક્તિત્વ

ઘડનાર સાધકે પોતાના માટે સૌથી મોટા ઘાતક શત્રુ રૂપે (**बिद्धि येनमिह वैरिणम्**) આ બે મૂળ વૃત્તિઓને, કામ અને ક્રોધને માનવા જોઈએ. જો એક જ વૃત્તિનાં બે પ્રગટીકરણ છે. કામ અવરોધાય છે ત્યારે એ ક્રોધ રૂપે જ પરિણમે છે.ભગવાન શ્રીકૃષ્ણ આગળ કહે છે, કે-

**धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च।**
**यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम्॥ ३/३८॥**
**आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा।**
**कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च॥ ३/३९॥**

''જે રીતે અગ્નિ ધુમાડાથી, દર્પણ ધૂળથી તથા ઉદરસ્થ ગર્ભ એક ચામડીના આવરણથી ઢંકાયેલો રહે છે. એવી જ રીતે આ 'જ્ઞાન' કામથી ઢંકાયેલું રહે છે. હે કુંતી પુત્ર! આ ક્યારે પણ તૃપ્ત ન થનાર અગ્નિ સમાન, જ્ઞાનીઓના નિત્ય શત્રુ રૂપી કામથી વિવેકરૂપી જ્ઞાન ઢંકાયેલું છે.''

આપણી આર્ય સંસ્કૃતિ ઓછામાં ઓછા શબ્દોમાં આ જટિલ દર્શનનું વિવેચન કરતી આવી છે. વિવેકરૂપી જ્ઞાનને કામનાઓ કેવી રીતે ઢાંકી લે છે, એના ત્રણ પ્રત્યક્ષ ઉદાહરણો છે. અહીં આપવામાં આવ્યા છે. જે એ જ્ઞાનને આચ્છાદિત કરનાર ત્રણ પ્રકારના કવચ છે. એ ચોક્કસ માનવું જોઈએ, કે વિષય-વાસનાના વિદીર્ણ થવાથી જ તત્વજ્ઞાનનો ઉદય થાય છે. મહાભારતના આદિપર્વમાં રાજા યયાતિની કથા આવે છે. તેઓ પોતાના પુત્રોનું યૌવન પ્રાપ્ત કરી હજારો વર્ષો સુધી વિવિધ વિષયોનો ભોગ કરી તૃપ્ત ન થઈ શક્યા. ત્યારે તેઓ પોતાના પુત્ર પુરુને યુવાની તથા રાજ્ય પાછું આપી વનવાસમાં ચાલ્યા ગયા. ભોગની કોઈ સીમાઓ નથી, ન એમાં શાંતિ મળે છે. ખરેખર ત્યાગમાં જ શાંતિ છે. ત્યાગમાં જ મોક્ષની પ્રતિષ્ઠા છે.

કામના જ્યારે કોઈ મહાન અથવા શુભ સંકલ્પ રૂપે ઉત્પન્ન થાય છે અને સમાજના સભ્યોની સેવા રૂપી પ્રભુભક્તિ રૂપે પ્રગટ થાય છે, ત્યારે એ સાત્વિક ઈચ્છા છે. જો કે એ પણ જ્ઞાનને આચ્છાદિત કરી રહેલ છે; પરંતુ એ અગ્નિને ઢાંકનાર ધૂમાડા સમાન (**धूमेन आव्रियतेवह्निः**) છે. પરંતુ પ્રબળ આકાંક્ષા, ગુરુની કૃપા અને સંસ્કારોરૂપી હવાની એક લહેર પણ આ ધૂમાડાને હટાવવા અને અગ્નિને પોતાના દૈદીપ્યમાન મહિમામય રૂપે પ્રગટ કરી દેવા માટે પૂરતી હોય છે. જ્યાં સુધી આપણી કામનાઓ

તામસિક છે, તો આપે ઘોર તપ કરવું પડશે, જેથી આપણો વિવેક અધમ કામનાઓ, પાશવિક પ્રવૃત્તિઓના ખોળિયામાંથી બહાર આવી જાય.

ભગવાને કામાગ્નિને, કામોદ્વેગને, ક્યારે પણ તૃપ્ત ન થનાર અગ્નિ કહ્યો છે. જ્ઞાનનો સૌથી પ્રબળ શત્રુ આ કામ જ છે. આ વાત અર્જુનના મનમાં ગહનતાથી બેસાડવા માટે ભગવાનશ્રી કૃષ્ણ કહે છે-

**इंद्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते।**
**एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम्॥ ३/४०॥**
**तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ।**
**पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम्॥ ३/४१॥**

''ઈન્દ્રિયો, મન અને બુધ્ધિ એના (કામરૂપી જ્ઞાનના) ત્રણ કેન્દ્રો છે, જેના દ્વારા એ જીવની બુધ્ધિને આચ્છાદિત કરી એને મોહિત કરે છે. હે અર્જુન! ઈન્દ્રિયોને તૂં આરંભથી જ વશ કરી આ જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર મહાન પાપી કામને મારી નાખ.''

ભગવાને અર્જુનને જે સમજાવ્યું છે એ સમગ્ર આધ્યાત્મ દર્શન સાધના-વિજ્ઞાનનું મૂળ છે. કામ બુધ્ધિશાળીને પણ ખૂબ મૂર્ખ બનાવી દે છે. મિથ્યા આકર્ષણ, પ્રલોભનોથી મનુષ્ય નષ્ટ, ભ્રષ્ટ કેવી રીતે થઈ જાય છે, એનું સ્પષ્ટ ચિત્રાંકન અહીં આપવામાં આવ્યું છે.

તેમાં ખૂબ જ સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે, કે કામેન્દ્રિયો, મન અને બુધ્ધિને ભ્રમિત કરી મનુષ્યની દુર્ગતિ કરાવે છે. વિવેકનો નાશ કરી દે છે અને મનુષ્યને પશુ જેવો, પિશાચ જેવો વ્યવહાર કરવા માટે પ્રેરિત કરે છે. કામ આપણાં જ્ઞાનના પ્રકાશને આચ્છાદિત કરી દે છે, એવામાં ઈન્દ્રિયો, મન અને બુધ્ધિ પ્રગાઢ અંધકારમાં હિંસક તથા ઘૃણાજનક કાર્યમાં લાગી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ સ્પષ્ટ કહે છે, કે હે અર્જુન! જેમ વિવેકપૂર્ણ અને સાંસ્કૃતિક સૌદર્યમય જીવન જીવવાની ઈચ્છા ધરાવનારા લોકો માટે કામના સૌથી પ્રબળ શત્રુ છે અને એવા કામ પર એણે વિજય પ્રાપ્ત કરવો જ જોઈએ, જેથી જાણકારી યુક્તજ્ઞાન અને વિશેષ જ્ઞાન, વિજ્ઞાન પરોક્ષનું જ્ઞાન નાશ ન પામી શકે.

જ્યારેપણ આપણી કામનાઓ જાગે છે, ત્યારે સૌથી પહેલાં ઈંદ્રિયો એના તરફ લલચાઈ છે. ઈચ્છા ઉત્પન્ન થતાં જ એનું ચિંતન કરવા લાગે છે અને પ્રાપ્ત કરવા મનમાં ઈચ્છા પેદા થાય છે. ત્રણેમાં ઈંદ્રિયો સ્થૂળ તથા

પ્રત્યક્ષ છે. બૌધ્ધિક સ્તરે કામ ક્ષેત્ર પર વિજય પ્રાપ્ત કરવો વધારે સરળ છે, ઇંદ્રિયોને આરંભમાં વશીભૂત બનાવી લેવી. ઇંદ્રિય સ્તરે કામનાઓને વશમાં કરી લેવામાં આવી તો, મનની ભાવનાઓ, જીવનનું બૌધ્ધિક મૂલ્ય તથા સંપદા પણ સ્વભાવિક રૂપે આપોઆપ નિયંત્રિત થવા લાગે છે.

પરમ પૂજ્ય ગુરુદેવે કોઈપણ લોકસેવક સાધક માટે ઈન્દ્રિય નિગ્રહ, મનોનિગ્રહ (વિચાર સંયમ), સમય નિગ્રહ અને અર્થ નિગ્રહ અનિવાર્ય બતાવ્યા છે. ઇંદ્રિય નિગ્રહમાં તેઓ જીભ અને કામેન્દ્રિયના સંયમને મુખ્ય માને છે. પૂજ્ય ગુરુદેવની સ્પષ્ટ માન્યતા છે, કે જેણે પણ આ બન્નેને સાધી લીધા એમનો સંપૂર્ણ સંયમ સધી જાય છે. સંયમ સાધના રૂપે મૌનનો અભ્યાસ, અસ્વાદ વ્રત તથા બ્રહ્મચર્યનું પાલન માત્ર લોકસેવક જ કેમ, કોઈપણ સામાન્ય ગૃહસ્થી માટે પણ એ અનિવાર્ય છે. એ અંગે પૂજ્ય ગુરુદેવ ધ્વારા એમના લખવામાં આવેલ સાહિત્યમાં સારી રીતે સમજવામાં આવ્યું છે.પૂજ્ય ગુરુદેવના કથન અનુસાર ગાયત્રી સાધના ત્યારે જ ફલિત થાય છે, જ્યારે એનો વિવેક કામ રૂપી આવરણથી બહાર નિકળીને પ્રકાશિત થાય.

આપણે આપણી આળસની સ્થિતિમાં કામુક પ્રવૃત્તિઓના, કામનાઓના શિકાર બની જઈએ છીએ. એટલા માટે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, કે જાગૃત રહો, સાવધાન બની જીવો. જીવનના સ્ટિયરીંગ વીલ પર ના સુઈ જાવ. વિવેક શક્તિને મૂર્છિત ન બનવા દો. પછી ભગવાન એને માટે અંતિમ બે શ્લોકમાં નિયમ આપે છે.

**इंद्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः।**
**मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः॥ ३/४२॥**
**एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना।**
**जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम्॥ ३/४३॥**

''ઇંદ્રિયો સ્થૂળ શરીરથી શ્રેષ્ઠ છે, બળવાન તથા સૂક્ષ્મ છે. મન ઇંદ્રિયોથી શ્રેષ્ઠ છે, બુધ્ધિ મનથી શ્રેષ્ઠ છે અને જે બુધ્ધિથી શ્રેષ્ઠ છે. એ આત્મા છે. (૪૨). આ રીતે બુધ્ધિથી શ્રેષ્ઠ, સૂક્ષ્મ બળવાન આત્માને જાણી અને બુધ્ધિ ધ્વારા મનને વશમાં કરી હે મહાબાહુ! તૂં આ કામ રૂપી દુર્જય શત્રુને મારી નાખ.'' (૪૩)

કર્મયોગના સમાપન પર ધ્યાન યોગનો મર્મ લાવવો અને જીવન

જીવવાનો નિયમ આપી દેવો શ્રીમદ્ભાગવત ગીતાકારના કાવ્યનો સૌથી વધારે સુંદરતા ધરાવતો પક્ષ છે. અહીં 'શ્રેષ્ઠ'વાત કહેતાં ભગવાને સ્થૂળ શરીરથી ઇંદ્રિયોને, ઇંદ્રિયોથી મનને, મનથી બુધ્ધિને તથા બુધ્ધિથી શ્રેષ્ઠ આત્માને સ્થાપી એક રાજમાર્ગ બતાવી દીધો છે. અંતમાં તો એટલું જ કે આત્મતત્વને જાણી ઇંદ્રિયો પર વિજય મેળવી શકાય છે, આ સાધના વિજ્ઞાન કહે છે. આ બન્ને અંતિમ શ્લોકોમાં ભગવાને માનવીના વ્યક્તિત્વનું અંદરથી સંપૂર્ણ દર્શન કરાવી દીધું છે. આપણે કેવી રીતે ઇંદ્રિયો પર નિયંત્રણ કરી શકીએ, એ ત્યાં સુધી સમજમાં નહીં આવે, જ્યાં સુધી આપણે ઉંડા નહીં ઉતરીએ. જેવી રીતે ધનવાન બનવું નિર્ધનતાનું નિરાકરણ છે, એ જ રીતે બુધ્ધિથી પર એવા શ્રેષ્ઠ આત્મતત્વને જાણી એની અનુરૂપ બનીને અને એ જ સ્થિતિમાં હંમેશા બની રહી દુર્જય કામ રૂપી શત્રુ સામે મોરચો માંડી શકાય.

ઉચ્ચ ચૈતન અવસ્થાનું જાગરણ થાય, અર્જુન એના સંબંધમાં સ્થિતિને સમજી શકે, એટલા માટે ક્રમશઃ વિવેચનાના ક્રમનો ઉતાર ચઢાવ આ રીતે કરવામાં આવ્યો છે તથા એને સિધ્ધ પુરુષ રૂપે સ્થાપવાની કુંચી બતાવવા રૂપે એનું સમાપન કરવામાં આવ્યું છે. ભગવાન શ્રી કૃષ્ણ કેટલા કુશળ શિક્ષક હતા, એ કર્મયોગના આ આખરી દસ શ્લોકના હાર્દનો આત્મસાત કરી સમજી શકાય. આ જ મનુષ્યનો ક્રમિક વિકાસ છે. એક સીઢી પર ચાલી બીજી પર કેવી રીતે પહોંચવું, એ સમજી શકાય તેમ છે. કામનાઓને આત્માના સ્તરે લાવી તદ્રૂપ કરી લેવી, જાણે એને મારી નિષ્કામ બની જવા સમાન છે. ઇંદ્રિય, મન તથા બુધ્ધિ અંતમાં તો એનું નિયંત્રણ આત્માથી જ થાય છે. અને જ્યારે આ નિયમન સ્થાપિત થઇ જાય છે, તો કામનાઓ રૂપી દુર્જય શત્રુનો નાશ થઇ જાય છે. મનુષ્ય નિષ્કામી બની જાય છે. આ નિષ્કામ સ્થિતિ પ્રાપ્ત થવી સૌના જીવન-યજ્ઞનો લક્ષ્ય હોવો જોઇએ, આ સમગ્ર ત્રીજા અધ્યાયનો આ સંપૂર્ણ સાર છે. બીજાઓ માટે જીવવું, મરવું, ત્યાગ કરવો, નિસ્વાર્થ ભાવે જીવવું, એ જ યજ્ઞ છે. આ નિષ્કામ કર્મ જ્યારે વિરાટ સમૂહમાં થવા લાગે છે ત્યારે યુગ બદલવા જેવી પ્રક્રિયા થવા લાગે છે. આપણે પરમ પૂજ્ય ગુરુદેવના ચિંતનમાંથી આ મૂળભુત દર્શન મેળવીએ છીએ.

એક કથા સાથે આ અધ્યાયનું સમાપન કરીએ છીએ. તૈલંગ

સ્વામી એક વૈરાગી સંન્યાસી થઈ ગયા લાહિડી મહાશય સામાન્ય સદ્‌ગૃહસ્થી હતા. પરંતુ ખૂબ ઉંચી સ્થિતિ સુધી પહોંચેલ સાધક હતાં. એકવાર તેઓ બનારસ આવ્યા. જ્યારે બન્ને મળ્યા ત્યારે તૈલંગ સ્વામીએ લહાડી મહાશયને પ્રણામ કર્યા. લાહિડી મહાશયે એમને ગળે વળગાડી દીધા. સંન્યાસી તૈલંગ સ્વામીના શિષ્યો કહેવા લાગ્યા કે આપ અવધૂત છો, સિધ્ધ છો, આપ શા માટે એમને પ્રણામ કરો છો, તો તૈલંગ સ્વામી બોલ્યા, જે તત્વને મેળવવા માટે મારે લંગોટી છોડવી પડી, એને આ ધોતિયાવાળાએ અનાસક્ત રહી કર્મયોગ કરતાં જાતેજ મેળવી લીધું છે. સામાન્ય કર્મ કરતાં પણ આત્મસિધ્ધ પ્રાપ્ત કરી શકાય, શરત માત્ર એટલી જ છે, કે મુક્ત સંગ જીવન હોય. ઈશ્વરને અર્પણ કરવામાં આવેલ જીવન હોય. પરમ પૂજ્ય ગુરુદેવ અને મહાત્મા આનંદ સ્વામીના પ્રસંગો પણ ઉપરોક્ત પ્રસંગ સાથે સામ્યતા ધરાવે છે અને સાચા અર્થમાં કર્મયોગથી સાધનાના ઉચ્ચ શિખર સુધી પહોંચવાની વાત કહે છે.

**સંપર્ક કરવાનું સ્થળ-શાંતિકુંજ, હરિદ્વાર-૨૪૯૪૧૧ (ઉત્તરાંચલ)**
**ફોન-(૦૧૩૩)૪૬૧૪૮૫,૪૬૦૬૦૨,૪૬૦૩૦૯,ફેક્સઃ-(૦૧૩૩)૪૬૦૮૬૬**

**પ્રકાશક તથા મુદ્રકઃ-ગાયત્રી તીર્થ-શાંતિકુંજ, હરિદ્વાર**